dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 36 । AD - 2026, Aso Vad-11 । Thursday, Dt. 05-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

મોંઘવારી અને જીવનનિર્વાહનો વધતો ખર્ચ પણ મતદારોની નારાજગીનું મોટું કારણ બન્યો

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પની પાર્ટીની હાર

વોશિંગ્ટન,તા.૦૪



૨૦૨૬ની અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીઓમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રિપબ્લિકન પાર્ટીને મોટો રાજકીય ફટકો પડ્યો છે. ડેમોક્રેટિક પાર્ટીએ અમેરિકન કોંગ્રેસના બંને ગૃહો સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં બહુમતી મેળવી છે. આ પરિણામથી અમેરિકાના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે અને ટ્રમ્પના બાકીના કાર્યકાળ દરમિયાન તેમની મુશ્કેલીઓ વધવાની શક્યતા છે. ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીની હાર પાછળ છ મુખ્ય કારણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે. રોઇટર્સ અને એસોસિએટેડ પ્રેસના અહેવાલો મુજબ, ઈરાન યુધ્ધ, મોંઘવારી, વધતી જીવનજરૂરી ચીજવસ્તુઓની કિંમતો, ઇમિગ્રેશન નીતિ, જેફરી એપ્સટિન ફાઇલ્સનો વિવાદ અને ડેમોક્રેટિક મતદારોનો ઉત્સાહ ચૂંટણીમાં નિર્ણાયક સાબિત થયા હતા. ટ્રમ્પે રિપબ્લિકન ઉમેદવારોના સમર્થનમાં અનેક રેલીઓ કરી હોવા છતાં પાર્ટીને અપેક્ષિત સફળતા મળી નહોતી. ઈરાન સાથેના યુધ્ધને ટ્રમ્પની હારનું સૌથી મોટું કારણ ગણવામાં આવે છે. અમેરિકાના મોટા વર્ગના મતદારો લશ્કરી કાર્યવાહી અને લાંબા સમય સુધી ચાલેલા સંઘર્ષથી નારાજ હતા. ઓગસ્ટ ૨૦૨૬ના મેસેચ્યુસેટ્સ એમ્હર્સ્ટ યુનિવર્સિટીના સર્વેમાં ૬૮ ટકા લોકોએ ટ્રમ્પના ઈરાન યુધ્ધના સંચાલન સામે નારાજગી વ્યક્ત કરી હતી. યુધ્ધના કારણે ઊર્જા બજારમાં અનિશ્ચિતતા વધી હતી. ઈરાન સંઘર્ષની અસર પેટ્રોલ અને ગેસના ભાવ પર પણ પડી હતી. હોર્મુઝની સામુદ્રધુનીમાં વધેલી અનિશ્ચિતતાને કારણે આંતરરાષ્ટ્રીય તેલ પુરવઠા અંગે ચિંતા વધી હતી. ઓક્ટોબરના અંતિમ સપ્તાહમાં અમેરિકામાં પેટ્રોલનો સરેરાશ ભાવ પ્રતિ ગેલન ૪.૨૭ ડોલર સુધી પહોંચ્યો હતો. જેના કારણે ટ્રમ્પના સસ્તી ઊર્જા અને આર્થિક રાહતના વચનો સામે સવાલો ઉભા થયા હતા. મોંઘવારી અને જીવનનિર્વાહનો વધતો ખર્ચ પણ મતદારોની નારાજગીનું મોટું કારણ બન્યો હતો. કરિયાણા, વીજળી, રહેઠાણ અને આરોગ્યસંભાળના ખર્ચમાં વધારો થતાં સામાન્ય પરિવારો પર આર્થિક બોજ વધ્યો હતો. રોઇટર્સના મતદાન અહેવાલ મુજબ, આશરે ૯૦ ટકા મતદારોએ જીવનનિર્વાહના ખર્ચને મહત્વનો ચૂંટણી મુદ્દો ગણાવ્યો હતો. લગભગ બે તૃતીયાંશ મતદારોએ વધતી કિંમતો માટે ટ્રમ્પને જવાબદાર ઠેરવ્યા હતા.ટ્રમ્પની ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ કરવાની કડક નીતિ પણ વિવાદનું કારણ બની હતી. સમર્થકો આ નીતિને સરહદ સુરક્ષા માટે જરૂરી ગણાવતા હતા, પરંતુ અનેક મતદારો તેના આક્રમક અભિગમથી અસંતુષ્ટ હતા. એપ્રિલ ૨૦૨૬ ના રોઇટર્સ/ઇપ્સોસ સર્વેમાં ૫૨ ટકા અમેરિકનોએ આવી નીતિને ટેકો આપનારા ઉમેદવારને મત આપવાની શક્યતા ઓછી હોવાનું જણાવ્યું હતું.

જેફરી એપ્સટિન સંબંધિત દસ્તાવેજોનો વિવાદ પણ ડેમોક્રેટ્સે ચૂંટણી પ્રચારમાં ઉઠાવ્યો હતો. ધનિકો સાથેના સંબંધો, ભ્રષ્ટાચાર અને સત્તાના દુરુપયોગના મુદ્દે રિપબ્લિકન નેતાઓને ઘેરવામાં આવ્યા હતા. ડેમોક્રેટ્સે એપ્સટિન ફાઇલ્સ સંબંધિત જાહેરાતો પાછળ આશરે ૫૩ મિલિયન ડોલર ખર્ચ્યા હતા, જ્યારે રિપબ્લિકન પક્ષે માત્ર ૩ મિલિયન ડોલર ખર્ચ્યા હતા. છેલ્લે, ડેમોક્રેટિક મતદારોનો વધેલો ઉત્સાહ પણ ચૂંટણી પરિણામો માં મહત્વપૂર્ણ સાબિત થયો હતો. ટ્રમ્પ વિરોધી મતદારો મોટી સંખ્યામાં મતદાન કરવા બહાર આવ્યા હતા. ડેમોક્રેટિક સમર્થકોમાં ચૂંટણી પ્રત્યે ગંભીરતા અને મતદાન કરવાની ઈચ્છા રિપબ્લિકન સમર્થકો કરતાં વધુ જોવા મળી હતી. આમ, વિદેશ નીતિની નિષ્ફળતા, મોંઘવારી, ઇમિગ્રેશન વિવાદ અને મતદારોની નારાજગીએ ટ્રમ્પ તથા રિપબ્લિકન પાર્ટીની રાજકીય સ્થિતિ નબળી બનાવી હતી.





"સહકારથી સમૃદ્ધિ " પ્રાપ્ત કરવા ૧૨૬૫૫ Micro ATM, ૧૩૫૦ ATM અને ૧૪૦૦ બ્રાંચો ના માધ્યમથી તમામ ગ્રામ પંચાયતમાં સહકારી બેંકીંગ ટચ પોઇન્ટ ઊભા કર્યા, ૩૪ લાખ નવા એકાઉન્ટ ખુલ્યા, ૧૮.૩૩ લાખ KCC કાર્ડ અને માસિક ૫.૨૫ કરોડ ડિજિટલ ટ્રાન્ઝેક્શન મારફત રૂ. ૨૧૬૬૩ કરોડ ડિપોઝિટ માં વધારો કર્યો, સરલ કેશ ક્રેડિટ યોજના અમલમાં મુકાઇ, ટેબલેટ થી ઘરેબેઠા બેંકિંગ સેવાઓ પૂરી પાડી.

- આ બેંક રાજ્યની ૧૮ જીલ્લા બેંકો, ૨૦૭ અર્બન બેંકો તેઓની ૨૬૪૭ શાખાઓ, ૨૧૩૬૩ કર્મચારીઓ અને ૧૦૬૦૦ સેવા સહકારી મંડળીઓ મારફત રાજ્યના ૨૮ લાખ ખેડૂતોને પુનઃધિરાણ તથા ૨.૧૯ કરોડ ગ્રાહકોને બેંકીંગ સેવાઓ પૂરી પાડતી શિડ્યુલ્ડ એપેક્ષ બેંક.
- ૨૦ લાખ સાયબર સાથી બુકલેટ મારફતે સાયબર ફ્રોડ અટકાવવાના પ્રયત્નો.
- સહકારી બેંકોના કર્મચારીઓ માટે સહકાર રમતોત્સવનું આયોજન.
- ઓનલાઇન અને ઓફલાઇન ટ્રેનિંગ મારફત કર્મચારીઓને અપગ્રેડ કરાયા.
- ખેડૂતો, જિલ્લા બેંકો, અર્બન બેંકોને સાથે રાખી કોર્પોરેટ કલ્ચર અપનાવાયું.
- આ બેંક રાજ્યની ૧૭૦ જેટલી જીલ્લા / અર્બન બેંકોને ટેકનોલોજી અમ્બ્રેલા હેઠળ સભ્ય મેમ્બરશીપ આપીને અંદાજે ૨.૧૯ કરોડ થી વધુ ગ્રાહકોને UPI QR Code, BBPS, AePS, RTGS/NEFT, CTS, ATM, POS/E-COM, UPI, IMPS, NACH, CSGL, ઈન્સ્યુરન્સ તથા અન્ય સર્વિસ વિના મૂલ્યે આપી રહી છે.
- " A A " ક્લાસ કરન્સી ચેસ્ટ, જાપાનની રોબોટીક ટેકનોલોજી સભર "AutoVault", ફાર્મર્સ હોસ્ટેલ, ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ, તાલીમ માટે એકતાનગર ખાતે સરદાર પટેલ "સહકાર ભવન" તથા ૩૩ બ્રાંચોનું નેટવર્ક ધરાવતી બેંક.

છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે નાબાર્ડ, એન.પી.સી.આઇ, નાફસ્કોબ તરફથી સતત એવોર્ડ મેળવતી બેંક.

અમદાવાદ | ગાંધીનગર | બોટાદ જિલ્લાના કાર્યક્ષેત્રના તમામ ગામોના લોકોને નજીકના સ્થળેથી **બેંકિંગ સેવાઓ મળી રહે તે માટે ૧૨૨૯ માઇક્રો એ.ટી.એમ., , ૧૫૦ ઓનસાઇટ / ઓફસાઇટ એ.ટી.એમ. અને ૨૦૮ બ્રાંચો સાથે દરેક ગ્રામપંચાયતને બેંકિંગ ટચ પોઇન્ટ દ્વારા બેંક બ્રાન્ચ જેવી સેવાઓ પૂરી પાડતી બેંક**

ટેકનોલોજી ક્ષેત્રે આધુનિક બેન્કિંગ પધ્ધતિઓનો અમલ કરી સહકારના મૂલ્યો જાળવી રાખી **'કો ઓપરેટીવ થી કોર્પોરેટ'** તરફની સફરને સફળતા પૂર્વક સાકાર કરતી બેંક

બેંક તરફથી ધિરાણ લેતા **ખેડૂતોનો રૂા.૧૦ લાખનો અકસ્માત વિમો** તથા **પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના** અંતર્ગત વધારાનું **રૂા.૨ લાખ** મળી કુલ **રૂા.૧૨ લાખનું અકસ્માત વિમા** રક્ષણ આપવામાં આવે છે.

સહકાર થી સમૃધ્ધિ

બેંકના પૂર્વ ચેરમેન તથા હાલના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી માનનીય **શ્રી અમિતભાઈ શાહ સાહેબે** સતત ખોટ કરતી આ બેંકને માત્ર ૧ વર્ષના ટૂંકાગાળામાં નફો કરતી કર્યા બાદ તેમના અનુગામી વર્તમાન ચેરમેન **શ્રી અજયભાઈ પટેલ**ના નેતૃત્વ હેઠળ સતત વિકાસ કરતી બેંકની સને ૨૦૨૫-૨૬માં થયેલ પ્રગતિની ઝલક...

બેંકની આર્થિક સધ્ધરતાની આંકડાકીય માહિતી

(રકમ રૂા.કરોડમાં)

વિગત	૩૧/૦૩/૨૦૨૫	૩૧/૦૩/૨૦૨૪	૩૧/૦૩/૨૦૨૩	૩૧/૦૩/૨૦૨૨	૩૧/૦૩/૨૦૨૧
ટોટલ બિઝનેસ	૨૫૩૦૯.૬૯	૨૨૯૬૩.૭૯	૨૧૩૩૭.૭૦	૧૯૬૬૩.૯૩	૧૭૬૬૯.૫૩
થાપણો	૧૫૫૯૫.૪૫	૧૩૬૦૨.૨૧	૧૨૦૧૨.૨૧	૧૦૬૬૮.૫૬	૯૩૬૦.૫૬
એડવાન્સીસ	૯૭૧૪.૨૪	૮૬૨૪.૭૩	૬૬૨૫.૪૯	૬૨૬૯.૫૮	૫૯૮૬.૫૮
કુલ ભંડોળ	૧૩૪૮.૧૪	૧૨૮૫.૫૨	૧૨૦૧.૬૭	૧૧૬૬.૬૪	૧૦૩૬.૩૯
ગ્રોસ એન.પી.એ (%)	૦.૨૭	૦.૩૪	૦.૬૮	૨.૨૦	૭.૬૩
નેટ એન.પી.એ. (%)	૦.૦૦	૦.૦૦	૦.૦૦	૦.૧૫	૬.૨૬

બેંકની આર્થિક સધ્ધરતાની આંકડાકીય માહિતી

(રકમ રૂા.કરોડમાં)

વિગત	૩૧/૦૩/૨૦૨૫	૩૧/૦૩/૨૦૨૪	૩૧/૦૩/૨૦૧૫	૩૧/૦૩/૨૦૧૪	૩૧/૦૩/૨૦૦૩	૩૧/૦૩/૨૦૦૦
ટોટલ બિઝનેસ	૨૦૨૧૧.૬૪	૧૭૬૪૯.૨૫	૧૭૮૪૭.૨૬	૧૫૮૫૪.૨૭	૨૨૪૨.૭૩	૧૭૬૪.૭૫
ડિપોઝીટ	૧૬૯૬૨.૫૮	૧૪૦૫૮.૬૬	૧૪૫૨૫.૨૪	૧૨૬૬૬.૨૪	૧૫૨૫.૩૦	૧૩૩૦.૫૪
એડવાન્સીસ	૮૨૬૫.૨૯	૬૬૨૦.૦૩	૬૧૭૭.૪૩	૫૪૫૫.૩૧	૬૧૭.૪૩	૪૬૪.૨૧
કુલ ભંડોળ	૮૨૪.૨૨	૮૧૬.૦૮	૮૧૬.૦૫	૬૩૩.૩૭	૨૬૬.૦૫	૧૮૫.૮૨
ગ્રોસ એન.પી.એ.	૦.૨૫%	૦.૩૪%	૩.૬૭%	૨૮.૪૨%	૨૮.૪૨%	૪૦.૨૬%
નેટ એન.પી.એ.	૦%	૦%	૦%	૦%	૧૭.૬૭%	૨૮.૩૮%

૩.૧ લાખ સુધીની સરલ કેશ ક્રેડીટ લોન (રૂપે ડેબિટ કાર્ડ), કાર લોન , હોમ લોન, બિઝનેશ લોન માટે અમારી નજીકની બ્રાંચનો સંપર્ક કરો

(૩૧-૧૦-૨૬)

ટોટલ બિઝનેસ રૂા. ૨૧૭૦૫ કરોડ | ડિપોઝીટ રૂા. ૧૩૦૨૭ કરોડ | એડવાન્સીસ રૂા. ૮૬૭૮ કરોડ

(૩૧-૦૩-૨૬)

ગ્રોસ એન.પી.એ. ૦.૧૮% | નેટ નફો રૂા. ૧૦૩.૭૧ કરોડ

ટોટલ બિઝનેસ રૂ. ૨૫૩૦૯.૬૯ કરોડ | થાપણો રૂ. ૧૫૫૯૫.૪૫ કરોડ | એડવાન્સીસ રૂ. ૯૭૧૪.૨૪ કરોડ | નેટ પ્રોફિટ રૂ. ૯૯.૩૩ કરોડ | ગ્રોસ એન.પી.એ. ૦.૨૭ %

'નાના માણસોની મોટી બેંક" તથા "No Customer - All are Bank's Family " ના સૂત્રને સાર્થક કરી ગ્રાહકોને શ્રેષ્ઠત્તમ સેવાઓ આપી પોતીકાપણાનો અહેસાસ કરાવતી અને કોર્પોરેટ સર્વિસ પૂરી પાડતી કો-ઓપરેટીવ બેંક

GSC BANK **ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક લિ.**
(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ | ખેડૂત ખાતેદારો, સભાસદો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન

ADC BANK **ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.**

શ્રી જગદીશભાઇ બી. પટેલ વાઇસ ચેરમેન | તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભાસદો, ખેડૂત ખાતેદારો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર | શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
ગુરુવાર,તા.૦૫-૧૧-૨૦૨૬

લાઠીના ભાલવાવથી મોટી વાવડી સુધી ૩. ૫.૫૦ કરોડના ખર્ચે ડામર રોડ બનશે

લાઠી,તા.૦૪

લાઠી-બાબરા-દામનગર વિધાનસભા મતવિસ્તારમાં વિકાસકાર્યોને વેગ મળી રહ્યો છે. ત્યારે લાઠી તાલુકાના ભાલવાવથી ગારીયાધાર તાલુકાના મોટી વાવડી ગામને જોડતા કાચા માર્ગને પાકા ડામર રોડમાં પરિવર્તિત કરવા રૂ. ૫.૫૦ કરોડની મંજૂરી મળી છે. ધારાસભ્ય જનક તળાવીયાની સતત રજૂઆતો અને પ્રયાસોના પરિણામે આ મંજૂરી મળતા ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે. વર્ષોથી કાચા રસ્તાને કારણે લોકોને ખાસ કરીને ચોમાસામાં ભારે હાલાકી પડતી હતી. હવે રોડનું કામ પૂર્ણ થતાં ખેડૂતો, વિદ્યાર્થીઓ,



વેપારીઓ અને વાહનચાલકોને અવરજવરમાં મોટી રાહત મળશે. બંને તાલુકાના ગ્રામ્ય વિસ્તારો વચ્ચેની કનેક્ટિવિટી પણ મજબૂત બનશે. આ મહત્વપૂર્ણ વિકાસકામની મંજૂરી બદલ ભાલવાવ, મોટી વાવડી સહિત આસપાસના ગ્રામજનોએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો છે.

અમરેલીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ૧૨ ઈસમો ઝડપાયા

અમરેલી,તા.૦૪

અમરેલી શહેરના લાઠી રોડ પર આવેલા ધરમનગર, શ્રીજી-૧ રેસીડેન્સીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા ૧૨ ઈસમોને અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ઝડપી પાડ્યા હતા.જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતના આદેશ અને નાયબ પોલીસ



અધિક્ષક ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર આર. આર. પરમારની દેખરેખમાં ટીમે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો.પોલીસે ગંજીપત્તાના ૫૨ પાના, ૧૨ મોબાઈલ ફોન (કિંમત રૂ.૧,૦૩,૨૦૦) અને રોકડા રૂ.૬૦,૨૩૦ મળી કુલ રૂ.૧,૬૩,૪૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તમામ આરોપીઓ અમરેલીના રહેવાસી છે. તેમની સામે જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી છે.

ગુંદરણ ગામે થયેલા ડબલ મર્ડર હત્યાના આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર

અમરેલી,તા.૦૪

લીલીયા તાલુકાના ગુંદરણ ગામે થયેલી ડબલ મર્ડરની ઘટનાને લઈ પોલીસે આરોપીઓને સ્થળ પર લઈ જઈ ઘટનાનું રિકન્ટ્રકશન કરાવ્યુ હતુ.પ્રાથમિક તપાસમાં તુફાન ગાડી બાબતે થયેલી માથાકૂટમાં ગાડીને સળગાવી બે લોકોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. આ અંગે લીલીયા પીઆઈ પ્રશાંત રામાણીએ જણાવ્યુ હતું કે જે સ્થળે ઘટના બની હતી તે સ્થળે હત્યાના આરોપીઓ વિનોદ વરસીંગ ડોડીયાર અને તેનો પિતરાઈ રાજુ ગોરધન



ડોડીયાર પાસે ઘટનાનું રિકન્ટ્રકશન કરાવાયુ હતુ તેમજ બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે બે દિવસના રીમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે તુફાન ગાડી સળગાવવામાં વપરાયેલ પેટ્રોલનું ખાલી કેન પણ કબજે કર્યુ હતુ.

પોલીસ ઘટનાનું રિકન્ટ્રકશન કરાવી આગ લગાડવા માટે ઉપયોગમાં લેવાયેલુ કેન જપ્ત કર્યુ

લીલીયા તાલુકાના ગુંદરણ ગામે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી ઉજવાઈ

લીલીયા,તા.૦૪

લીલીયા તાલુકાના ગુંદરણ ગામે આઝાદીના ૮૦ વર્ષ બાદ પ્રથમવાર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. એડવોકેટ વિજય સોનાણીના આયોજનમાં તમામ સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉપસરપંચ રહીમભાઈ



સહિત આગેવાનો અને ગ્રામજનો હાજર રહ્યા હતા. કોઈ ભેદભાવ વગર યોજાયેલા કાર્યક્રમમાં એકતા અને ભાઈચારાનો સંદેશ આપી સરદાર પટેલને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

અમરેલી જિલ્લા પૂરબિયા રાજપૂત સમાજ દ્વારા તા.૧૦ના રોજ યોજાશે સ્નેહમિલન

અમરેલી,તા.૦૪

અમરેલી જિલ્લા પૂરબિયા રાજપૂત સમાજ દ્વારા શરદપૂનમના પાવન પર્વે રાસ-ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં સમાજના વડીલો, યુવાનો, બહેનો અને બાળકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ઉત્સાહભેર પૂરો સહકાર આપ્યો હતો. આ સફળતા બાદ અને



વડીલોના આશીર્વાદ તેમજ યુવા વર્ગના સાથ-સહકારથી, સમાજ દ્વારા આગામી તા.૧૦ને મંગળવારના રોજ બેસતા વર્ષના શુભ દિને અક્ષર ફાર્મ અમરેલી ખાતે સ્નેહમિલન સમારોહ'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ પારિવારિક મિલન પ્રસંગે અમરેલી જિલ્લામાં વસતા પૂરબિયા રાજપૂત સમાજના તમામ ભાઈઓ અને બહેનોને પોતાના સમગ્ર પરિવાર સાથે ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ પાઠવાયુ છે.

પીઠવાજાળ આયુષ્યમાન આરોગ્ય મંદિરમાં હેલ્થ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૦૪

પીઠવાજાળ ખાતે આયુષ્યમાન આરોગ્ય મંદિર દ્વારા તા. ૨૯-૧૦-૨૦૨૬ના રોજ વિવિધ રોગોના નિદાન અને સ્ક્રિનિંગ માટે હેલ્થ કેમ્પ યોજાયો હતો. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોશી અને તાલુકા હેલ્થ ઓફિસર એસ.બી. સતાણીના માર્ગદર્શન હેઠળ ડાયાબિટીસ, બીપી સહિતના રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. GSACS



લિંક વર્કર સ્કીમ અંતર્ગત HIV, હિપેટાઈટિસ-બી, હિપેટાઈટિસ-સી અને સિફિલિસનું ૬૪ થી વધુ લોકોનું સ્ક્રિનિંગ કરી રોગો અંગે જરૂરી માર્ગદર્શન અપાયું હતું. HIV/AIDS એક્ટ-૨૦૧૭ અને હેલ્પલાઈન નંબર ૧૯૯૭ અંગે પણ જાણકારી આપવામાં આવી હતી. કેમ્પમાં ૧૦૦ થી વધુ ગ્રામજનોએ લાભ લીધો હતો. અંબુજા ફાઉન્ડેશન દ્વારા નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. આ ઉપરાંત વિઝન ફોર વાઈલ્ડ લાઈફ ફાઉન્ડેશન અને આરોગ્ય મંદિરના સહયોગથી પીઠવાજાળ, વિઠ્ઠલપુર અને તરકતળાવની ૧૯ પરપ્રાંતીય સગર્ભા અને ધાત્રી માતાઓને એક મહિના સુધી ચાલે તેવી પૌષ્ટિક આહાર કીટનું વિતરણ કરાયું હતું. ડો. રમેશ ચૌહાણે વાડી વિસ્તારમાં વન્યજીવોથી સાવચેત રહેવા માર્ગદર્શન આપ્યું હતું. સરપંચ ભાવેશભાઈ દેસાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા આરોગ્ય કેન્દ્રના તબીબો, કર્મચારીઓ અને આશા વર્કરોએ જહેમત ઉઠાવી હતી.

૧૦૦થી વધુ ગ્રામજનોએ લાભ લીધો, ૧૯ સગર્ભા અને ધાત્રી માતાઓને પૌષ્ટિક આહાર કીટનું વિતરણ કરાયું

તહેવારોમાં વેપારીઓને પૂરતા પ્રમાણમાં છૂટા નાણાં મળે તે માટે અમરેલી વેપારી મહામંડળની રજૂઆત

એસબીઆઈ મુખ્ય શાખાના અધિકારીને વેપારીઓની મુશ્કેલીની જાણ કરાઈ

અમરેલી,તા.૦૪

તહેવારોની મોસમમાં વેપારીઓને બે, પાંચ અને દસ રૂપિયાના છૂટા નાણાં એટલે ચિલ્લર તેમજ નવી નોટો પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ અને અમરેલી વેપારી મહામંડળ દ્વારા અમરેલીની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખા ખાતે રજૂઆત કરવામાં આવી હતી. હાલ તહેવારોના દિવસોમાં ગ્રાહકો સાથેના વ્યવહારમાં છૂટા નાણાંની અછતને કારણે વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અનુસંધાને અમરેલી ડિસ્ટ્રિક્ટ બજારમાં બે, પાંચ અને દસ રૂપિયાનાં છૂટા નાણાં તથા નવી નોટો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હોવાથી વેપાર-ધંધા પર અસર થઈ રહી છે. આ અંગે અમરેલી શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ તાલુકા ચેમ્બરના પ્રમુખો અને વેપારી સંગઠનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.આ



ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ભગીરથ ત્રિવેદી, વેપારી મહામંડળના પ્રમુખ બિરજુભાઈ અટારા, મંત્રી નયનભાઈ પરસાણીયા તથા માર્ગદર્શક અને પૂર્વ પ્રમુખ સંજયભાઈ વણઝારા દ્વારા એસબીઆઈના ઉપપ્રબંધક વિજયભાઈને વેપારીઓની મુશ્કેલીઓ અંગે વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં તાલુકા કક્ષાની બેંક શાખાઓમાં પણ પૂરતા પ્રમાણમાં છૂટા નાણાં ઉપલબ્ધ કરાવવા માંગ કરવામાં આવી હતી. બેંકના ઉપપ્રબંધકે રજૂઆતને હકારાત્મક પ્રતિસાદ આપી આ પ્રશ્ન રિઝર્વ બેંક સમક્ષ રજૂ કરવાની ખાતરી આપી હતી.

આગામી દિવસોમાં છૂટા નાણાં ઉપલબ્ધ થતાં વેપારીઓને જાણ કરી શકય તમામ સહયોગ આપવાની પણ ખાતરી આપી હતી. આ હકારાત્મક પ્રતિસાદ બદલ બંને વેપારી સંગઠનો દ્વારા બેંક અધિકારીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ અંગે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી રાજુભાઈ શિંગાળા અને મિતુલભાઈ ગણાત્રાની યાદીમાં જણાવાયું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

દિવાળીના રંગે રંગાયું અમરેલી શહેર : બજારોમાં શણગારની રોનક

અમરેલી,તા.૦૪

હર્ષોલ્લાસ અને પ્રકાશના પર્વ દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અમરેલી શહેરમાં દિવાળીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તહેવારના આગમનને આવકારવા શહેરનાં મુખ્ય બજારો અને માર્ગો પર આકર્ષક સુશોભન કરવામાં આવ્યું છે.



મોટા બસ સ્ટેશન, નાગનાથ મંદિર, હરિ રોડ સહિતના વિસ્તારોમાં રંગબેરંગી લાઈટિંગ અને સુંદર મંડપો ઊભા કરવામાં આવતાં સમગ્ર શહેર રોશનીથી ઝગમગી ઊઠ્યું છે. બીજી તરફ, દિવાળીની ખરીદી માટે લોકો મોટી સંખ્યામાં બજારોમાં ઉમટી પડતાં બજારોમાં ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે. દિવાળીનો તહેવાર નજીક આવતાં જ બજારોમાં ખરીદીની રોનક વધી છે. કોઈ પરિવાર માટે નવાં કપડાં ખરીદી રહ્યું છે, તો કોઈ ઘરની સજાવટ માટે રંગબેરંગી લાઇટ્સ, દીવડા અને ડેકોરેશનની વસ્તુઓની ખરીદી કરી રહ્યું છે. વેપારીઓએ પણ ગ્રાહકોને આકર્ષવા માટે દિવાળીને લગતી વિવિધ ચીજવસ્તુઓનો વિશાળ જથ્થો દુકાનોમાં ગોઠવ્યો છે. બજારોમાં સવારથી મોડી સાંજ સુધી ગ્રાહકોની અવરજવર જોવા મળી રહી છે. ખરીદીની ભીડને કારણે શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનું ભારણ પણ વધ્યું છે. દિવાળીના પર્વમાં દીવાનું વિશેષ મહત્ત્વ હોવાથી બજારમાં અવનવી ડિઝાઇનનાં કોડિયાં અને દીવડાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. પરંપરાગત માટીનાં કોડિયાંની સાથે આધુનિક લાઇટિંગવાળાં દીવડાં, ડેકોરેટિવ લાઇટ્સ અને લાઇટિંગવાળાં ઝુમ્મર લોકોનું ધ્યાન ખેંચી રહ્યાં છે. ઘરને આકર્ષક રીતે સજાવવા માટે મહિલાઓ વિવિધ પ્રકારની સજાવટની વસ્તુઓ પસંદ કરી રહી છે. ખાસ કરીને પરંપરા અને આધુનિકતાના સમન્વયવાળી ચીજવસ્તુઓની ખરીદીમાં લોકો વધુ રસ દાખવી રહ્યા છે.અમરેલીમાં કોડિયાંનું વેચાણ કરતા મહેન્દ્રભાઈ કુંભારે જણાવ્યું હતું કે, આ વર્ષે બજારમાં કોડિયાંની અનેક નવી અને આકર્ષક પેટર્ન ઉપલબ્ધ થઈ છે.

સાદાં કોડિયાં ઉપરાંત લાઇટિંગવાળાં કોડિયાં, પાણીવાળાં કોડિયાં, મીણવાળાં કોડિયાં સહિતની વિવિધ વેરાયટી વેચાણ માટે આવી છે. આ વર્ષે બજારમાં ૫૦થી વધુ પ્રકારનાં કોડિયાં ઉપલબ્ધ છે. દિવાળી પહેલાંથી જ લોકો કોડિયાંની ખરીદી કરવા લાગ્યા છે અને ખાસ કરીને મહિલાઓ હોંશે હોંશે વિવિધ ડિઝાઇનનાં કોડિયાં પસંદ કરી રહી છે.પરંપરાગત માટીનાં કોડિયાંથી લઈને આધુનિક લાઇટિંગવાળાં દીવડાં સુધીની વિવિધતા બજારમાં જોવા મળી રહી છે. દિવાળીના પર્વને યાદગાર બનાવવા લોકો ઘરની સાફસફાઈ, રંગરોગાન અને સજાવટની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. વેપારીઓને પણ તહેવારો દરમિયાન સારા વેપારની આશા છે. આમ, દિવાળીના આગમન પહેલાં જ અમરેલી શહેરમાં રોશની, રંગબેરંગી શણગાર અને ખરીદીની ચહલપહલથી ઉત્સવ જેવો માહોલ સર્જાયો છે. પ્રકાશના પર્વની ઉજવણી માટે શહેરવાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મોટા બસ સ્ટેશનથી નાગનાથ મંદિર અને હરિ રોડ સુધી આકર્ષક મંડપો અને રંગબેરંગી લાઇટિંગથી શહેર ઝગમગ્યું

અમરેલી માર્કેટયાર્ડમાં લાભપાંચમથી ખેડૂતોના હિતમાં નવા નિર્ણયો લાગુ થશે

ચેરમેન ભાવિનભાઈ સોજીત્રાએ બારદાન, પ્લાસ્ટિક બોરી અને મગફળી તોલવા અંગે નિર્ણયો કર્યા

અમરેલી,તા.૦૪

અમરેલી માર્કેટયાર્ડમાં દિવાળી પર્વની રજાઓ પુર્ણ થયા બાદ લાભપાંચમના શુભ દિને કામગીરી શરૂ થશે, ત્યારે ચેરમેન ભાવિનભાઈ સોજીત્રાએ ખેડુતોના હિતમાં કેટલાક નિર્ણયો કર્યા છે. જણસી ખરીદી કરતા વેપારીઓએ બારદાનનું વજન ૮૦૦ ગ્રામ બાદ કરવાનું રહેશે. જો બારદાન ૯૦૦ ગ્રામ કે તેથી વધારે વજનનું હોય તો વીંટાનું વજન કરી ખરેખર જે વજન આવે તે મુજબ કપાત કરાશે.પ્લાસ્ટિક બોરી વાપરતા વેપારીઓએ કુલ વજનમાંથી પ્રતિ મુદ્દા દીઠ વધુમાં વધુ ૧૫૦ ગ્રામ બોરીનું વજન બાદ કરવાનું




રહેશે. નક્કી કરેલા વજન કરતા વધુ વજન બાદ કરનાર વેપારીને એક લાખ રૂપિયાનો દંડ કરાશે અને તેમનું લાયસન્સ સ્થગિત કરવામાં આવશે. મગફળીની ખરીદીમાં હરરાજી બાદ મજુરો દ્વારા તારવવાની પ્રથા ચાલતી હતી, જેના પર હવે પ્રતિબંધ મુકાયો છે અને પ્રથા સંપુર્ણપણે નાબુદ કરાઈ છે. આ તમામ નિર્ણયોની અમલવારી આગામી ૧૪-૧૧-૨૦૨૬ ને શનિવાર લાભપાંચમથી કરવામાં આવશે, તેમ સેક્રેટરી તુષારભાઈ હપાણીએ જણાવ્યું છે.

ધારીના દુધાળા ગીર ગામે નદીમાં યુવકને મગર ખેંચી જતા મોત

અમરેલી,તા.૦૪

ધારી તાલુકાના દુધાળા ગામે ગીર એન્ડ જોય રિસોર્ટ પાછળ વહેતી નદીમાં એક અજાણી વ્યક્તિને મગર પાણીમાં ખેંચી ગયો હોવાની ઘટના સામે આવી હતી.

અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસની ટીમ ઈનચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાનીમાં માત્ર ૨૦ મિનિટમાં જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે ભારે જહેમત બાદ નદીમાંથી મૃતદેહ બહાર કાઢી સ્થાનિક પોલીસને સુપરત કર્યો હતો. પ્રાથમિક તપાસમાં



મૃતકની ઓળખ કરમદડી ગામના અંદાજિત ૪૫ વર્ષીય ચનાભાઈ છગનભાઈ મલણિયા તરીકે થઈ છે.

આ શોધખોળ કામગીરીમાં પ્રવીણભાઈ ચૌહાણ, સવજીભાઈ ડાભી, સાગરભાઈ પુરોહિત અને જગદીશભાઈ ભુરીયાએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

દામનગરમાં પે એન્ડ યુઝ ટોઈલેટનું તોડકામ દોઢ વર્ષથી અધૂરું!

દામનગર,તા.૦૪

દામનગરના ઢસા રોડ પર અંદાજે ૧૬ વર્ષ પહેલાં બનાવેલું પે એન્ડ યુઝ ટોઈલેટ જર્જરિત થતાં નગરપાલિકા દ્વારા તેને તોડી પાડવાનો નિર્ણય કરાયો હતો. શ્રમિકો દ્વારા ઉપરનો ભાગ તોડવામાં આવ્યા બાદ કામ દરમિયાન એક શ્રમિકનું મોત થતાં તોડકામ અટકાવી દેવાયું હતું. પરંતુ આ ઘટનાને



દોઢ વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં અધૂરું કામ પૂર્ણ કરાયું નથી. હાલ આ જગ્યા ખંડેર જેવી બની ગઈ છે અને આસપાસથી પસાર થતાં લોકો તેમજ પશુઓ માટે જોખમ ઉભું થયું છે. નગરપાલિકાના પ્રમુખ પણ બદલાઈ ગયા છે ત્યારે નવી બોડી અને ચીફ ઓફિસર આ અધૂરું કામ ક્યારે પૂર્ણ કરાવશે? કોઈ અકસ્માત સર્જાશે તો જવાબદારી કોની રહેશે? જનતાને સુવિધા આપવાના બદલે વિકાસની વાહવાહ કરતી ભાજપની વિકાસગાથા સામે સવાલો ઉઠી રહ્યા છે.

કલ્યાણપર-મોટા ચારોડિયા રોડ બનાવવા લાઠી R&Bમાં રજૂઆત

લીલીયા,તા.૦૪

અમરેલી જિલ્લાના મોટા લીલીયા તાલુકાના કલ્યાણપરથી મોટા ચારોડિયા જતા નોન-પ્લાન રસ્તાને પાકો બનાવવા માટે ગ્રામજન અશ્વિનભાઈ બલરે ખેડૂતોના સંમતિ પત્રકો સાથે લાઠી માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. અગાઉ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પ્રાંત અધિકારીની હાજરીમાં થયેલી ચર્ચા મુજબ, હાલ ૨.૫ થી ૩.૦ મીટર પહોળા આ માર્ગને ૧૦ મીટર પહોળો કરવા ખેડૂતોની સંમતિ જરૂરી હોવાનું જણાવાયું હતું. રજૂઆતમાં ઉલ્લેખ કરાયો છે કે મૂળ રાજમાર્ગ સમાન આ રસ્તા પર બંને બાજુ કાંટાળા બાવળ અને ઝાડી-ઝાંખરાં ઊગી નીકળતાં તે અત્યંત સાંકડો બની ગયો છે. આ મામલે યોગ્ય કાર્યવાહી કરી તેની નકલ આપવા વિનંતી કરાઈ છે, તેમજ અરજીની નકલો જિલ્લા પંચાયત પ્રમુખ, સાંસદ, ધારાસભ્ય અને મામલતદાર સહિતના સંબંધિત હોદ્દેદારોને પણ જાણ અર્થે મોકલવામાં આવી છે.



અવસાન નોંધ

સાવરકુંડલા

સ્વ.નાથાભાઈ સવજીભાઈ ગોહિલ (ઉં.વ.૭૮)નું તા.૧/૧૧/૨૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે મુકેશભાઇ નાથાભાઇ ગોહિલ, મનીષભાઈ નાથાભાઈ ગોહિલ, નરેશભાઈ નાથાભાઈ ગોહિલના પિતાશ્રી થાય છે. તેમનુ સદ્ગતનું બેસણું તારીખ:૫/૧૧/૨૬ ને ગુરુવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે જય ભગીરથ સગર સમાજ વાડી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા

ફો.પ.અ.નં. ૧૫૫/૨૦૨૬
મુદત તા.૧૦/૧૨/૨૦૨૬

અરજદાર : શીવાભાઈ બચુભાઈ દુધાત
રહે.ત્રાકુડા, તા.ખાંભા જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ત્રાકુડા ગ્રામ પંચાયત, તા. ખાંભા, જિ. અમરેલી

અરજદારના વિ.વકીલશ્રી : જે.એન.જોષી

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર શીવાભાઈ બચુભાઈ દુધાત નો જન્મ તા.૦૧/૦૯/૧૯૬૪ ના રોજ મોજે ગામ:ત્રાકુડા, તા.ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા. ૧૦/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૨.'મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	(કોર્ટનો સિક્કો)	હુકમથી,
સહી	સહી		સહી
(બી.કે.ભુવા)	(કે.પી. રામોલિયા)		(પી.કે.હઠીનારાયણ)
આસીસ્ટન્ટ	આસીસ્ટન્ટ		રજીસ્ટ્રાર





મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા

ફો.પ.અ.નં. ૧૬૩/૨૦૨૬
મુદત તા.૧૭/૧૨/૨૦૨૬

અરજદાર : ગોહિલ રેખાબેન સવાભાઈ તે ડો/ઓ સુરાભાઈ ભગવાનભાઈ ચાવડા
રહે.ડુંગર, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, તાતણીયા ગ્રામ પંચાયત, તા. ખાંભા, જિ. અમરેલી

અરજદારના વિ.વકીલશ્રી : ડી.બી.જોષી

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર પુત્રી ગોહિલ શિતલ સવાભાઈ નો જન્મ તા.૦૫/૦૮/૨૦૧૨ ના રોજ મોજે ગામ:તાતણીયા, તા.ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા. ૧૭/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૩.'મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	(કોર્ટનો સિક્કો)	હુકમથી,
સહી	સહી		સહી
(બી.કે.ભુવા)	(કે.પી. રામોલિયા)		(પી.કે.હઠીનારાયણ)
આસીસ્ટન્ટ	આસીસ્ટન્ટ		રજીસ્ટ્રાર



અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ

સમાજના સર્વાંગી વિકાસ અને સંગઠન મજબૂત બનાવવા અંગે આગેવાનોની ઉપસ્થિતિમાં કરાઈ વિસ્તૃત ચર્ચા

અમરેલી,તા.૦૪

અમરેલી ખાતે સુર્યા ગાર્ડનમાં જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ હતી. ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમારની સૂચના તથા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં પ્રદેશ અને જિલ્લા કક્ષાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મહામંત્રી રાજુભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ બસીયા, જિલ્લા ભાજપ મહામંત્રીઓ રાજુભાઈ ભૂતૈયા અને મયુરભાઈ માંજરીયા, જિલ્લા



મોરચાના પ્રભારી પાર્થભાઈ ગોંડલીયા, પ્રમુખ સાગરભાઈ સરવૈયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગત, કારોબારી ચેરમેન અરજણભાઈ વાઘ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.આ બેઠકમાં બક્ષીપંચ સમાજના સર્વાંગી વિકાસ, સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડવા તેમજ ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આગામી કાર્યક્રમોના આયોજન અને કાર્યકર્તાઓની સક્રિય ભાગીદારી વધારવા માટે પણ માર્ગદર્શન અપાયું હતું. બેઠકમાં જિલ્લા અને મંડળના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક પૂર્ણ થયા બાદ સૌ માટે ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

દામનગરની મેઈન બજારમાં પાણીનો બેફામ બગાડ, વેપારીઓ પરેશાન

દામનગર, તા.૦૪

દામનગરની મેઈન બજારમાં જ્યારે પણ પાણી વિતરણ કરવામાં આવે છે ત્યારે સમગ્ર બજારમાં પાણી ફરી વળે છે અને દુકાને દુકાને પાણી પહોંચી જાય છે. જેના કારણે વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દર બે દિવસે પાણીનો આવો બગાડ થાય છે અને વેપારીઓની દુકાનોમાં કાદવ-કીચડ થઈ જાય છે. આ અંગે વેપારીઓ દ્વારા



અનેક વખત નગરપાલિકામાં ફરિયાદ કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી કોઈ નિકાલ આવ્યો નથી. નગરપાલિકાના તંત્રની ઘોર બેદરકારી સામે વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પાણીનો બગાડ અટકાવવા અને સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા તંત્ર ક્યારે જાગશે તેવા સવાલો ઉઠી રહ્યા છે.

દિવાળીના તહેવારોને પગલે રાજુલા માર્કેટ યાર્ડમાં આઠ દિવસ હરાજી બંધ રહેશે

૯ થી ૧૩ નવેમ્બર સુધી હરાજીનું કામકાજ બંધ; ૧૪ નવેમ્બર લાભપાંચમથી રાબેતા મુજબ શરૂ થશે

રાજુલા,તા.૦૪

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને રાજુલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા માર્કેટ યાર્ડમાં હરાજીનું કામકાજ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમિતિ દ્વારા ૨ નવેમ્બરના રોજ જાહેર સૂચના પ્રસિધ્ધ કરીને જણાવવામાં આવ્યું હતું કે, તા. ૯ થી ૧૩ નવેમ્બર ૨૦૨૬ સુધી યાર્ડમાં હરાજીનું કામકાજ બંધ રહેશે. ત્યારબાદ તા. ૧૪ નવેમ્બર, શનિવારના રોજ લાભપાંચમના પવિત્ર દિવસથી હરાજીનું કામકાજ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે. રાજુલા અને આસપાસના વિસ્તારના ખેડૂતો તેમજ વેપારીઓને આ જાહેર સૂચનાની નોંધ લઈ પોતાનું આયોજન કરવા બજાર સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે.

ધારીના ગીગાસણ ગામે પુરૂષને ઢીકાપાટુનો માર મારતા પોલીસ ફરિયાદ નોંધાઈ

ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી

ધારી, તા.૦૪

ધારીના ગીગાસણ ગામે ગોરસીયા મંદિર પાસે 'મેં મારી ફોરવ્હીલ કાર ભટકાવી છે, તું કેમ દોઢો થાય છે?' તેમ કહી એક પુરુષને ઢીંકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે બોરડી ગામના અશ્વિનભાઈ ભોળાભાઈ કુંજડીયા (ઉ.વ.૫૨)એ ગીગાસણ ગામના રવિભાઈ દિલુભાઈ કોટીલા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, અશ્વિનભાઈ તથા સાહેદ પોતાની મોટરસાઈકલ લઈને ગીગાસણ ગામે ખોટકાના કામે આવતા હતા. તેઓ ગીગાસણ ગામે ગોરસીયા મંદિર પાસે પહોંચ્યા ત્યારે રસ્તામાં એક ફોરવ્હીલ કાર થાંભલા સાથે અકસ્માત થયેલી હાલતમાં પડી હતી. જેથી અશ્વિનભાઈએ સાહેદને કહ્યું હતું કે, 'કોઈકે થાંભલા સાથે ફોરવ્હીલ કાર ભટકાવી લાગે છે.' આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ હોય તો મદદ કરવાના ઈરાદાથી તેમણે મોટરસાઈકલ ઊભી રાખી હતી. તે દરમિયાન આરોપીએ તેમને 'મેં મારી ફોરવ્હીલ કાર ભટકાવી છે, તું કેમ દોઢો થાય છે?' તેમ કહી મનફાવે તેમ ગાળો ભાંડી હતી. ઉપરાંત ઢીંકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ઘટના અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. ડી. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

રાજુલા પોલીસે ગુમ થયેલો ૨૧ હજારનો મોબાઈલ શોધી મૂળ માલિકને પરત કર્યો

અમરેલી,તા.૦૪

રાજુલાના શૈલેશભાઈ ઘોઘાભાઈ વાળાનો રૂ.૨૧ હજારની કિંમતનો VIVO મોબાઈલ હિંડોરણા-રાજુલા રોડ પર રસ્તામાં પડી જતાં ગુમ થયો હતો. આ અંગે જાણ થતાં રાજુલા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ હિંડોરણા બીટના ઈન્ચાર્જ અને સ્ટાફે CEIR પોર્ટલની મદદથી મોબાઈલ શોધી કાઢ્યો હતો. ત્યારબાદ શૈલેશભાઈને પોલીસ



સ્ટેશન બોલાવી મોબાઈલની ખરાઈ કર્યા બાદ મૂળ માલિકને પરત સોંપવામાં આવ્યો હતો. આ કામગીરી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ કરવામાં આવી હતી.

સાવરકુંડલામાં વેપારીને લોખંડના વજનિયા વડે મૂંઢ ઈજા કરીને જાનથી મારવાની ધમકી આપી

સાવરકુંડલા,તા.૦૪

સાવરકુંડલામાં એક વેપારીને લોખંડના વજનિયા વડે મૂંઢ ઈજા પહોંચાડી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ બનાવ અંગે આસિફભાઈ હબીબભાઈ હિંગોરા (ઉ.વ.૫૪)એ સુફિયાનભાઈ આરીફભાઈ મામદાણી સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ફરિયાદીએ આરોપીના પિતા સાથે મળીને સમાજનો જમણવાર રાખ્યો હતો. જેમાં આસિફભાઈ સ્વૈચ્છિક મદદ કરવા માગતા હોવાથી આ અંગે આરોપીના પિતા સાથે વાતચીત કરી રહ્યા હતા. આ સમયે આરોપી ત્યાં ઊભો હતો, જેથી તેને આ બાબત સારી નહીં લાગતાં તેણે ગાળો આપી ઢીંકાપાટુ માર્યા હતા અને લોખંડના વજનિયા વડે શરીરે મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત, આરોપીએ છરી વડે હુમલો કરી ડાબા હાથના અંગૂઠા અને આંગળી વચ્ચે લોહી કાઢી ઈજા પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ઘટના અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

લાઠીના રામપર ગામની સીમમાંથી વરલી મટકાનો જુગાર રમતાં બે ઝડપાયા

પોલીસે કુલ રૂ. ૩૫,૩૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

લાઠી, તા.૦૪

લાઠીના રામપર ગામની સીમમાંથી વરલી મટકાનો જુગાર રમતાં બે શખ્સો ઝડપાયા હતા. પોલીસે આ કાર્યવાહી દરમિયાન કુલ રૂ. ૩૫,૩૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દામનગરમાં રહેતા ગોપાલભાઈ ધનજીભાઈ સરવૈયા તથા રમેશભાઈ જયંતીભાઈ ગોહીલ જાહેરમાં ગેરકાયદે આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમી-રમાડતા મળી આવ્યા હતા. પોલીસે તેમની પાસેથી જુગારના રોકડા રૂ. ૧,૩૪૦ તથા બે મોબાઈલ અને એક મોટરસાઈકલ મળી કુલ રૂ. ૩૫,૩૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઘટના અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. કે. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ધારી પોલીસ સ્ટેશનનું એસપી દ્વારા વાર્ષિક ઈન્સ્પેક્શન યોજાયું

ધારી,તા.૦૪

ધારી પોલીસ સ્ટેશન ખાતે ડીએસપી સંજય ખરાતના અધ્યક્ષ સ્થાને વાર્ષિક ઈન્સ્પેક્શન યોજાયું હતું. આ તકે એસીપીએ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે વાત ઉપર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સાયબર ક્રાઈમ રોકવા માટે પોલીસ વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાય છે લોકોએ પણ સાવચેત રહેવાની જરૂર છે.આ



કાર્યક્રમ અંતર્ગત ધારી પત્રકાર સંઘ દ્વારા એસપીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ધારી પોલીસ વિભાગના તમામ અધિકારીઓ, કર્મચારીઓ ખાસ હાજર રહ્યા હતા.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અગિયારસ
તા.૦૫-૧૧-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૩૫,
સૂર્યાસ્ત-૦૫:૩૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

દૈનિક રાશિફળ

તા.૦૫-૧૧-૨૦૨૬ ગુરુવાર

મેષ: એવું પણ શક્ય છે કે વધુ પડતા કામને કારણે તમે તમારા પરિવાર માટે સમય ન કાઢી શકો, જેના કારણે આજે તમારા પરિવારના સભ્યો તમારાથી ગુસ્સે થઈ શકે છે.

વૃષભ: આજે તમારા પરિવારના સભ્યોમાં અણબનાવ થઈ શકે છે, આજે તમે તમારા જીવનસાથીને ફરવા લઈ જઈ શકો છો અને તેમના માટે ભેટ ખરીદી શકો છો.

મિથુન: આજે તમારું શૌર્ય વધશે. તમારું પારિવારિક જીવન ખુશ રહેશે, જેમાં ભાગ્ય પણ તમને સંપૂર્ણ સાથ આપશે. લાંબા સમયથી અટકેલા કાર્યોમાં પ્રગતિ થશે,

કર્ક: આજે તમારે કોઈ કારણસર તણાવનો સામનો કરવો પડી શકે છે. આજે તમારે તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે નહીં તો તમારા શારીરિક દુઃખ વધી શકે છે.

સિંહ: આજે તમારી ઉપયોગી વસ્તુઓમાં વધારો થશે અને તમારી ભૌતિક સુખ-સુવિધાઓમાં પણ વધારો થશે, ચિંતા કરશો નહીં, સાંજે તણાવ સમાપ્ત થઈ જશે.

કન્યા: આજે તમારું મન કોઈ ખાસ પ્રકારની ઉથલપાથલમાં વ્યસ્ત રહેશે. આજે તમે લાંબા સમયથી પેન્ડિંગ રહેલા કાર્યો વિશે પણ વિચારી શકો છો,

તુલા: આજે તમારા પ્રયત્નો વધશે. બેરોજગાર લોકોને આજે રોજગાર મળવાની પ્રબળ સંભાવના છે. જો આજે તમારી નોકરીમાં કોઈ વિવાદ ચાલી રહ્યો છે,

વૃશ્ચિક: જે લોકો કોઈપણ રોગથી પીડાઈ રહ્યા છે તેમના માટે આજનો દિવસ સારો રહેશે, તેમને આજે સંપૂર્ણ લાભ મળવાની શક્યતા છે. આજે તમારે બિનજરૂરી ખર્ચ ટાળવો પડશે.

ધનુ: તમારે તમારા વ્યવસાયના ગુપ્ત દુશ્મનોથી સાવધાન રહેવાની જરૂર છે, નહીં તો તેઓ તમારા વ્યવસાયને નુકસાન પહોંચાડી શકે છે, સાવધાન રહો.

મકર: તમને તમારા રોજગારની દિશામાં સફળતા મળશે અને ભેટ અને સન્માન મેળવવાથી પણ ફાયદો થશે. જો તમે કોઈ મિલકતમાં રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો તેના માટે પણ દિવસ સારો રહેશે.

કુંભ: આજે તમને સરકારી અધિકારીઓનો સહયોગ મળી રહ્યો છે. આજે તમારા પદ અને પ્રતિષ્ઠામાં પણ વધારો થશે, પરંતુ પૈસાની દ્રષ્ટિએ, આજે તમને અચાનક ક્યાંકથી અટકેલા પૈસા મળી શકે છે,

મીન: આજે તમને તમારા જૂના ઝઘડા અને સમસ્યાઓમાંથી રાહત મળશે અને તમારી સ્પર્ધા પણ વધશે. આજે કોઈની સાથે દલીલ ન કરો, મિત્રો સાથેના સંબંધોમાં મધુરતા આવશે.

ધારી તાલુકાના જળજીવડી ગામે મરવા મજબૂર કરનારા પાંચ સામે ફરિયાદ નોંધાઈ

જમીનમાં નહીં આવવા દઈ ગાળો બોલી ધમકી આપતા હતા

ધારી, તા.૦૪

ધારીના જળજીવડી ગામે જમીનમાં નહીં આવવા દઈ ગાળો બોલી ધમકી આપી પુરુષને મરવા મજબૂર કરનારા પાંચ લોકો સામે મૃતકના ભાઈએ ફરિયાદ નોંધાવી હતી. કિશોરભાઈ ઠાકરશીભાઈ સાવલીયા (ઉ.વ.૫૬)એ પ્રાગજીભાઈ વાઘજીભાઈ ફીણવીયા, વશરામભાઈ વાઘજીભાઈ ફીણવીયા, વાલજીભાઈ વાઘજીભાઈ ફીણવીયા, ગૌતમભાઈ પ્રાગજીભાઈ ફીણવીયા તથા પ્રવિણભાઈ વશરામભાઈ ફીણવીયા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેમના ભાઈ મરણજનાર ભીમજીભાઈ ઠાકરશીભાઈ સાવલીયા (રહે. જળજીવડી, તા. ધારી)ની ગામની સીમમાં આવેલી ૧૫ વીઘા જમીનમાંથી આરોપીઓ ×દોઢ વીઘા જમીન અમારી નીકળે છે× તેમ કહી ખેતરમાં પીંદુ ખોડી દીધું હતું. તેઓ ભીમજીભાઈને જમીનમાં નહીં આવવા દઈ અવારનવાર ગાળો આપી, મારી નાખવાની ધમકી આપી માનસિક ત્રાસ આપતા હતા. આ ત્રાસથી કંટાળી જઈ ભીમજીભાઈ સાવલીયાએ પોતાના મકાનના ધાબા પરથી પડતું મૂક્યું હતું. માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. ઘટના અંગે ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ કે. બી. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ચિતલ-મોણપુર રોડ પર બાવળની કાંટમાંથી ૨૪૦ લીટર આથો પકડાયો

અમરેલી,તા.૦૪

ચિતલ-મોણપુર રોડ ઉપર બાવળની કાંટમાંથી ૨૪૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો પકડાયો હતો. પોલીસે આ મામલે રૂ. ૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.આ ઉપરાંત, અન્ય એક બનાવમાં સેંજળ ગામનો યુવક પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતાં ઝડપાઈ ગયો હતો. જ્યારે વાંકિયા ગામેથી પણ ૨ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો.

બાબરા દવા લેવા જાવ છું કહીને નીકળેલી ચમારડી ગામની યુવતી લાપતા બની

બાબરા, તા.૦૪

ચમારડી ગામની એક યુવતી બાબરા દવા લેવા જાવ છું કહીને ઘરેથી નીકળી હતી. જે બાદ પરત ફરી નહોતી. આ અંગે ગભાભાઈ બાઘાભાઈ ગમારા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી મેના (ઉ.વ.૨૧) ઘરેથી બાબરા દવા લેવા જાવ છું કહીને નીકળી હતી. જે બાદ પરત ફરી નહોતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય આર ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરાના કરિયાણા ગામે પ્રેમસંબંધમાં ઠપકો આપતાં યુવતીએ ઝેરી દવા પીધી

બાબરા,તા.૦૪

બાબરાના કરિયાણા ગામે પ્રેમસંબંધમાં ઠપકો આપતાં યુવતીએ ઝેરી દવા પીધી હતી. આ અંગે પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે. યુવતીને તેના જ ગામના યુવક સાથે પ્રેમસંબંધ હતો. જેની જાણ તેના ઘરે થઈ જતાં ઠપકો આપ્યો હતો. જેથી તેને લાગી આવતાં પોતાની મેળે ખડ બાળવાની ઝેરી દવા પી લીધી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી પી ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

જાફરાબાદમાં બાઈકમાં આગ લાગતાં રૂ. એક લાખનું નુકસાન

જાફરાબાદ, તા.૦૪

જાફરાબાદમાં રહેતા રવિભાઈ રમેશભાઈ બારૈયા (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, તેમણે પોતાની યામાહા બાઈક ઘરના પાર્કિંગમાં પાર્ક કરી હતી. તે દરમિયાન કોઈ કારણોસર બાઈકમાં અચાનક આગ લાગતાં રૂ. ૧ લાખનું નુકસાન થયું હતું. આ અંગે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. સી. સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બાબરાના ગમાપીપળીયામાં સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતિ નિમિત્તે યોજાઈ ભવ્ય યાત્રા

બાબરા,તા.૦૪

અમરેલીના બાબરા તાલુકાના ગમાપીપળીયા ગામમાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ એટલે કે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ગ્રામજનો અને અધિકારીઓ દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ગ્રામ પંચાયતથી પ્રાથમિક શાળા સુધી ભવ્ય 'સરદાર યાત્રા'



કાઢવામાં આવી હતી, જેમાં દેશભક્તિના ગગનભેદી નારા ગૂંજી ઊઠ્યા હતા. ત્યારબાદ શાળા પરિસરમાં સ્થાપિત સરદાર સાહેબની પ્રતિમાને સૂતરની આંટી અને ફૂલહાર અર્પણ કરી શ્રધ્ધાંજલિ અપાઈ હતી. આ કાર્યક્રમમાં સરપંચ, પંચાયત સભ્યો, કિસાન સંઘના તાલુકા પ્રમુખ, શાળા પરિવાર અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉપસ્થિત અગ્રણીઓએ સરદાર પટેલના આદર્શોને યાદ કરી પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. અંતમાં, સૌએ ટીવીના માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું.

તંત્રી લેખ

સહયોગથી ઉકેલાય છે બજાર અને મંચનો સંગમ

લોકોનો અવાજ અને બજારની રોનક બંને એક જ સિક્કાની બે બાજુ છે.દિલ્હીના વીસ મોટા બજારો અને અઢી લાખ દુકાનો દિવાળી પહેલા ખરીદીથી ધમધમતા હોય છે. આ જ સમયે રામલીલા મેદાનમાં ૧ નવેમ્બરે ઈન્ડિયા ગઠબંધનની મોટી સભા યોજાઈ હતી. આ સભાનું નેતૃત્વ રાહુલ ગાંધીએ કર્યું હતું. ચાલો દિલ્હી માર્ચ મિન્ટો રોડ જંક્શનથી શરૂ થઈને કનોટ પ્લેસ તરફ ગયો હતો. આ માર્ચમાં કાર્યકરો પગપાળા જોડાયા હતા અને સાથે વાહનોનો કાફલો પણ હતો.

આ સભામાં વીસ વિરોધ પક્ષો જોડાયા હતા. તેમાં સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, તેજસ્વી યાદવ, મલ્લિકાર્જુન ખડગે, ફારૂક અબ્દુલ્લા, મહેબૂબા મુફ્તી, લેફ્ટના નેતા એમ એ બેબી સહિત ઘણા નેતાઓ હાજર રહ્યા હતા. રામલીલા મેદાનમાં ચાર કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમમાં દરેક નેતાએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. મમતા બેનર્જીએ બંગાળ અંગે વાત કરી હતી અને રાહુલ ગાંધીએ પોતાની વાત સાચી પડશે તેમ કહ્યું હતું. આ કાર્યક્રમ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ અને વિશેષ સઘન સુધારણા પ્રક્રિયાના વિરોધમાં યોજાયો હતો.

તહેવારની નજીક યોજાયેલી સભાના કારણે વેપાર પર અસરની ચર્ચા શરૂ થઈ હતી. વેપારી સંગઠન ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી અને અન્ય સંગઠનોએ જણાવ્યું હતું કે સુરક્ષા અને વાહન વ્યવહારના નિયંત્રણોને કારણે બજારો બંધ રહ્યા હતા. તેમના અંદાજ મુજબ આ કારણે અગિયાર હજાર કરોડ રૂપિયા સુધીના વેપારને અસર થઈ હતી. તેમણે આ અંગે અગાઉથી ચાર વખત રાહુલ ગાંધીને પત્ર લખીને પોતાની ચિંતા વ્યક્ત કરી હતી.

રાહુલ ગાંધીએ આ અંગે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. તેમણે માર્ચ મહિનામાં એક વિડીયો સંદેશમાં કહ્યું હતું કે ભાજપે કનોટ પ્લેસની દુકાનો બળજબરીથી બંધ કરાવી હતી. તેમણે માર્ચ અને મોટી રેલીમાં આવનારા લોકોને ખરીદી કરવાની અપીલ કરી હતી. પરંતુ બજારમાં પહોંચતા દુકાનો બંધ જોવા મળી હતી. તેમણે લોકોને આ સ્થિતિને સમજવા વિનંતી કરી હતી.

આ ઘટનામાં બે મહત્વની બાબતો સામે આવે છે. એક છે લોકોને એકઠા થઈને પોતાની વાત કહેવાનો અધિકાર અને બીજી છે તહેવારના સમયે વેપાર કરવાનો અધિકાર. બંને બાબતો આપણા સમાજ માટે જરૂરી છે. દિલ્હી જેવા મોટા શહેરમાં જ્યારે મોટી સંખ્યામાં લોકો એકઠા થાય છે ત્યારે વહીવટી તંત્રએ સુરક્ષા માટે પગલાં લેવા પડે છે. આ પગલાં લોકોની સુરક્ષા માટે હોય છે.

વેપારી સંગઠનો દ્વારા આપવામાં આવેલા આંકડા દિલ્હીના બજારોની તાકાત બતાવે છે. વીસ બજારો અને અઢી લાખ દુકાનોનો અર્થ એ છે કે લાખો પરિવારો આ વેપાર સાથે જોડાયેલા છે. દિવાળી પહેલાનો સમય તેમના માટે આખા વર્ષની કમાણીનો મહત્વનો સમય હોય છે. તેથી તેમની ચિંતા સમજી શકાય તેવી છે.

બીજી તરફ રામલીલા મેદાનમાં સભા યોજવી એ પણ એક લોકશાહી પ્રક્રિયા છે. ત્યાં ઘણા વર્ષોથી આવી સભાઓ થતી આવી છે. દરેક સભા નવા અનુભવો આપે છે. ચાર વખત પત્ર લખવાની વાત બતાવે છે કે વેપારીઓ સંવાદમાં માને છે. આ સંવાદને વધુ મજબૂત બનાવી શકાય છે.

દિવાળીના મંગલાચરણ સમી રમા એકાદશી - કથા, મહત્વ અને ભારતીય પરંપરા

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

દિવાળીના પાંચ દિવસના ઉત્સવો - ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, નૂતન વર્ષ અને ભાઈબીજ પહેલાં આવતું આ પર્વ દિવાળીના આંગણામાં મૂકવામાં આવેલું પ્રથમ મંગલ તોરણ છે. 'રમા' એટલે લક્ષ્મી. જે એકાદશી સ્વયં લક્ષ્મીજીના નામે ઓળખાય છે, તેનું મહત્વ કેટલું અપરંપાર હશે તે સહજ કલ્પી શકાય.

શાસ્ત્રો અનુસાર વર્ષમાં ૨૪ એકાદશી આવે છે, પરંતુ કારતક માસની આ એકાદશીનું સ્થાન સર્વોપરી છે. કારણ કે આ સમયે ભગવાન વિષ્ણુ ચાતુર્માસની યોગનિદ્રામાંથી જાગૃત થવાની તૈયારીમાં હોય છે, અને દેવી લક્ષ્મી પૃથ્વી પર વિચરણ કરતી હોય છે. આ દિવસે જે ભક્ત પૂર્ણ શ્રધ્ધાથી વ્રત કરે છે, તેને લક્ષ્મી અને નારાયણ બંનેની કૃપા એકસાથે પ્રાપ્ત થાય છે.

પદ્મ પુરાણ અને બ્રહ્મવૈવર્ત પુરાણમાં રમા એકાદશીની અત્યંત પ્રેરક કથા આવે છે. ભગવાન શ્રીકૃષ્ણે ધર્મરાજ યુધિષ્ઠિરને આ કથા સંભળાવી હતી.

પ્રાચીન કાળમાં મુચુકુંદ નામના એક ચક્રવર્તી, ન્યાયપ્રિય અને વિષ્ણુભક્ત રાજા રાજ્ય કરતા હતા. તેમની નદીઓ અને પર્વતોથી સુશોભિત નગરી ભદ્રાવતી દેવલોક સમાન હતી. રાજા મુચુકુંદના મિત્રો ઈન્દ્ર સહિતના દેવતાઓ હતા. તેમને ચંદ્રભાગા નામની એક અત્યંત સુંદર, ગુણવાન અને પતિવ્રતા પુત્રી હતી, જેના લગ્ન ચંદ્રસેન રાજાના પુત્ર શોભન સાથે થયા હતા.

જમાઈ શોભન ખૂબ નબળા શરીરવાળો હતો, તેનાથી ભૂખ સહન થતી નહોતી, પરંતુ તેની પત્ની ચંદ્રભાગા બાળપણથી જ એકાદશીનું કઠોર વ્રત કરતી હતી. એકવાર શોભન તેના સસરા મુચુકુંદને ત્યાં આવ્યો ત્યારે કારતક વદ રમા એકાદશી આવી. રાજા મુચુકુંદનો આદેશ હતો કે રાજ્યમાં કોઈ પણ વ્યક્તિ, પશુ-પક્ષી પણ એકાદશીના દિવસે અન્ન ગ્રહણ ન કરે. ઢોલ પીટીને આખા રાજ્યમાં જાહેરાત કરવામાં આવી.

શોભને જ્યારે સાંભળ્યું કે આજે કોઈને ભોજન નહિ મળે, ત્યારે તે વ્યાકુળ થઈ ગયો. તેણે ચંદ્રભાગાને કહ્યું કે જો ભૂખથી મારા પ્રાણ જશે તો શું થશે? ચંદ્રભાગાએ સમજાવ્યું કે જો પિતાજીની આજ્ઞાનું ઉલ્લંઘન થશે તો મોટો અનર્થ થશે. પરંતુ શોભને મનમાં નક્કી કર્યું કે ભલે પ્રાણ જાય, પણ હું એકાદશીનું વ્રત જરૂર કરીશ.



આખો દિવસ ભૂખ-તરસ વેઠીને તેણે વિધિપૂર્વક ભગવાન વિષ્ણુની પૂજા કરી, રાત્રે જાગરણ કર્યું, પરંતુ બીજા દિવસે સૂર્યોદય પહેલાં જ તેનું ભૂખ અને નબળાઈના કારણે મૃત્યુ થયું. આ જોઈ ચંદ્રભાગા વિલાપ કરવા લાગી, પરંતુ રાજાએ તેને સતી થતી અટકાવી.

એકાદશી વ્રતના પુણ્ય પ્રભાવથી શોભનને મંદરાચલ પર્વત પર અત્યંત દિવ્ય, સુવર્ણજડિત, મણિ-રત્નોથી ઝળહળતું નગર પ્રાપ્ત થયું અને તે ત્યાં દેવતાઓ સમાન સુખ ભોગવવા લાગ્યો. તે નગર ક્ષણભંગુર હતું, કારણ કે તેણે શ્રધ્ધા વગર, માત્ર ભયથી વ્રત કર્યું હતું.

થોડા સમય પછી મુચુકુંદ નગરીનો એક બ્રાહ્મણ સોમશર્મા તીર્થયાત્રા કરતો કરતો મંદરાચલ પર્વત પર પહોંચ્યો, ત્યાં તેણે શોભનને ઓળખી કાઢ્યો. શોભને બધી વાત કરી અને કહ્યું કે આ નગર અસ્થિર છે, તમે મારી પત્ની ચંદ્રભાગાને આ વાત કરો. સોમશર્માએ પાછા આવી ચંદ્રભાગાને બધું કહ્યું. પતિવ્રતા ચંદ્રભાગા તરત જ વિષ્ણુ ભગવાનની આરાધના કરી મંદરાચલ પર્વત પર ગઈ. પોતાના બાળપણથી કરેલા એકાદશી વ્રતના પુણ્યને પોતાના પતિને અર્પણ કર્યું. તેના પતિવ્રત ધર્મ અને વ્રતના પુણ્યથી તે નગર સ્થિર, અક્ષય અને દિવ્ય બની ગયું અને બંને દંપતી ત્યાં સુખપૂર્વક રહી અંતે વૈકુંઠને પામ્યા.

આ કથા આપણને શીખવે છે કે રમા એકાદશીનું વ્રત અનિચ્છાએ કે શ્રધ્ધાથી, ગમે તેમ કરવાથી પણ અક્ષય પુણ્ય આપે છે અને મૃત્યુલોકમાંથી સીધું દિવ્યલોક પ્રદાન કરે છે.

સનાતન પરંપરામાં રમા એકાદશીને પાપનાશિની કહેવામાં આવી છે. એવું માનવામાં આવે છે કે આ એક દિવસનું વ્રત કરવાથી બ્રહ્મહત્યા જેવા મહાપાપો પણ નષ્ટ થાય છે. દિવાળી એટલે લક્ષ્મીજીના આગમનનું પર્વ. અને લક્ષ્મીજી ત્યાં જ સ્થિર થાય છે જ્યાં પવિત્રતા, સાત્વિકતા અને વિષ્ણુભક્તિ હોય. તેથી દિવાળી પહેલાં મન, તન અને ઘરને પવિત્ર કરવા માટે રમા એકાદશીનું વ્રત ફરજિયાત મનાય છે. આ દિવસે ઉપવાસ કરીને આપણે આપણી ઈન્દ્રિયો પર સંયમ કેળવીએ છીએ અને લક્ષ્મીને આવકારવા માટે પોતાને લાયક બનાવીએ છીએ. જે ઘરમાં આ દિવસે તુલસી સાથે શાલિગ્રામની પૂજા થાય છે, ત્યાં વર્ષભર દરિદ્રતા આવતી નથી.

ભારતભરમાં આ તહેવાર અત્યંત શ્રધ્ધાથી ઉજવાય છે, પરંતુ તેના રંગો જુદા-જુદા છે. ઉત્તર ભારતમાં - વૃંદાવન, મથુરા, અયોધ્યામાં આ દિવસે ભગવાન વિષ્ણુને સફેદ માખણ-મિશ્રી અને તુલસીદળ અર્પણ કરવામાં આવે છે. સાંજે મંદિરોમાં દીપમાળા પ્રગટાવવામાં આવે છે, જે દિવાળીની દીપમાળાનો પૂર્વાભ્યાસ હોય તેવું લાગે છે.


ગુજરાત અને રાજસ્થાનમાં આ દિવસને 'રમા અગિયારસ' કહે છે. અહીં મહિલાઓ આખો દિવસ નિર્જળા કે ફળાહાર વ્રત કરે છે. સાંજે તુલસી ક્યારે દીવો કરી, લક્ષ્મી-નારાયણની કથા સાંભળે છે. આ દિવસથી જ ઘરોમાં દિવાળીની સફાઈ પૂર્ણ કરીને રંગોળી અને સાથિયા પૂરવાનું શરૂ થાય છે.

મહારાષ્ટ્રમાં આ દિવસે વિઠોબાની વિશેષ પૂજા થાય છે. ખેડૂતો આ દિવસે નવા ધાન્યનો ભગવાનને ભોગ ધરે છે. દક્ષિણ ભારતમાં આ એકાદશીને અત્યંત પવિત્ર માનીને વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ કરવામાં આવે છે. ઈસ્કોન મંદિરોમાં તો આખી રાત હરિનામ સંકીર્તન અને જાગરણ થાય છે.

ટૂંકમાં, રમા એકાદશી એ દિવાળીના કોલાહલ ભર્યા બજારો અને ફટાકડાઓ વચ્ચે આત્માને શાંત કરી, સંયમ અને ભક્તિનો દીપ પ્રગટાવવાનું પર્વ છે. તે આપણને યાદ અપાવે છે કે સાચી સમૃદ્ધિ બહારના ધનમાં નહીં, પણ અંદરના પુણ્યમાં છે.

ભારતીય સંસ્કૃતિમાં દિવાળી એ માત્ર દીવાઓનો તહેવાર નથી, તે આત્માના અંધકારને ઉલેચીને પ્રકાશ તરફ ગતિ કરવાનું પર્વ છે. અને આ મહાપર્વનો શુભારંભ થાય છે કારતક માસના કૃષ્ણ પક્ષની એકાદશીથી, જેને આપણે રમા એકાદશી કે રમા અગિયારસ તરીકે ઓળખીએ છીએ.

શબ્દ સંજોગ-૨૨૯૨



આડી ચાવી :
(૧) એક જૈન મંત્ર (૪)
(૪) જાગવુ તે (૪)
(૬) ઓળો, પ્રતિબિંબ (૪)
(૮) ત્રાસેલુ (૨)
(૧૦) પહેલવાન (૨)
(૧૧) બાંધેલો લોટ (૩)
(૧૩) વર્ષ, સાલ (૩)
(૧૪) વેરાયેલુ, ઉલટુ (૨)
(૧૫) એક પશુ (૨)
(૧૭) ઈશ્વર, પરવર દિગાર (૨)
(૧૯) ...શું કહેવાનુ (૪)
(૨૧) નૃત્ય (૨)
(૨૨) તફાવત, ભેદ (૩)
(૨૩) વગર (૨)
(૨૪) અડવુ તે (૨)
(૨૫) સાંધા વિનાનુ, આખુ (૩)
(૨૭) અપ્રાપ્ય, ન મળે એવુ (૩)
(૨૮) અંધારુ (૩)

ઉભી ચાવી :
(૧) તારાનું ઝૂમખુ (૩)
(૨) સ્ત્રીઓના કાનનું એક ઘરેણુ (૨)
(૩) ઘણા લોકો હંમેશા.... ચહેરે જ વાત કરતા હોય છે. (૪)
(૪) પુત્ર (૨)
(૫) પતિ, કાંત (૩)
(૭) ઝાડની ત્વચા (૨)
(૯) સ્તુતિ (૩)
(૧૧) તણખલુ, કચરો (૩)
(૧૨) ઉણપ, ખોટ (૨)
(૧૫) નાકથી વાયુ લેવો મૂકવો તે (૨)
(૧૬) પવન, વાયુ (૨)
(૧૮) કેળાનુ અંગ્રેજી શુ થશે ? (૩)
(૧૯) અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
(૨૦) ગરીબ (૨)
(૨૨) ભોંયતળિયુ (૨)
(૨૩) બીના, બાબત (૩)
(૨૪) સરસાઈ, હરીફાઈ (૨)
(૨૫) વિવેકી, શિષ્ટ (૨)
(૨૬) દાંડીયાત્રાના માર્ગમાં આવતુ ચરોત્તરનું એક ગામ જયાંથી સરદાર વલ્લભભાઈ પટેલની ધરપકડ કરવામાં આવી હતી (૨)

શબ્દ સંજોગ-૨૨૯૧ જવાબ

આડી ચાવી: (૧) ગલ્લાં તલ્લાં (૪) નેક (૬) વાયવ્ય (૮) રસમલાઈ (૧૧) યવન (૧૩) તારીખ (૧૫) ટ્રામ (૧૬) નક્કર (૧૮) વેણી (૧૯) સવાર (૨૦) વાંસ (૨૩) તૃણચર (૨૫) મોસાળ (૨૭) ઉષા (૨૮) લકોય(કોયલ) (૨૯) લતા. **ઉભી ચાવી:** (૧) ગજજર (૨) તરમરી (૩) વાય (૫) કવન (૬) વાઈ (૭) વ્યય (૯) સતામણી (૧૦) લાખ (૧૨) વળ (૧૪) ડુક્કર (૧૫) ટ્રાવેલ (૧૬) નવાનરકો(નવાનકોર) (૧૭) અસફળતા (૨૧) મોણ (૨૨) સામો (૨૩) તૃષા (૨૪) ચલ (૨૬) સાલ.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૭૪૦	૧૮૭૩
ઘઉં લોકવન	૫૯૩	૬૬૨
ઘઉં ટુકડા	૫૯૯	૭૪૧
જુવાર સફેદ	૧૩૦૧	૧૯૬૦
જુવાર લાલ	૧૦૬૦	૧૩૪૦
જુવાર પીળી	૫૦૦	૫૫૦
બાજરી	૪૩૦	૫૫૧
તુવેર	૧૩૭૦	૨૦૫૧
ચણા પીળા	૧૩૬૦	૧૪૭૫
ચણા સફેદ	૧૬૬૦	૨૩૪૦
અડદ	૧૪૫૦	૨૦૩૦
મગ	૧૪૫૦	૧૮૫૪
વાલ દેશી	૩૭૧	૧૫૫૦
વાલ પાપડી	૧૧૪૦	૧૭૩૦
ચોળી	૧૧૫૦	૧૮૩૧
વટાણા	૫૩૫	૯૯૨
કળથી	૪૨૫	૫૦૦
રાજમા	૧૭૦૦	૨૩૦૬
સીંગદાણા	૧૮૨૦	૨૦૫૦
મગફળી જાડી	૧૨૩૧	૧૬૯૦
મગફળી જીણી	૧૨૬૧	૧૭૮૫
તલી	૨૩૦૦	૩૧૭૧
એરંડા	૧૩૪૫	૧૫૭૦
અજમો	૩૨૦૦	૩૯૨૧
સોયાબીન	૧૨૫૦	૧૪૫૪
સીંગફાડા	૧૬૫૦	૧૯૮૦
કાળા તલ	૨૯૫૦	૪૦૫૧
લસણ	૧૧૫૦	૨૬૫૦
ધાણા	૨૮૫૦	૩૦૮૦
મરચા સુકા	૩૫૦૦	૫૫૦૦
ધાણી	૨૯૨૦	૩૨૦૦
વરીયાળી	૨૧૦૦	૨૯૨૫
જીરૂ	૪૫૦૫	૫૦૪૦
રાય	૧૫૦૦	૨૦૨૧
મેથી	૯૦૦	૨૧૪૦
ઇસબગુલ	૧૫૦૦	૧૫૦૦
કલોંજી	૪૬૫૦	૫૨૯૪
રાયડો	૧૩૦૦	૧૬૮૦
રજકાનું બી	૨૦૦૦	૬૮૩૦
ગુવારનું બી	૧૩૫૦	૧૬૫૬
રાજકોટ (શાકભાજી)		
લીંબુ	૯૫૨	૧૯૩૯
પપૈયા	૧૪૪	૨૯૦
બટેટા	૧૨૧	૩૪૮
ડુંગળી સુકી	૨૭૫	૭૭૧
ટમેટા	૨૬૨	૫૯૩
સુરણ	૪૧૩	૫૯૭
કોથમરી	૧૦૩૩	૧૭૮૯
મુળા	૪૧૫	૬૦૭
રીંગણા	૧૧૨	૨૫૩
કોબીજ	૨૩	૮૯
ફ્લાવર	૩૯૭	૫૦૬
ભીંડો	૬૧૧	૮૨૨
ગુવાર	૬૧૫	૯૯૭
ચોળાસીંગ	૫૨૪	૮૧૩
વાલોળ	૫૯૩	૮૦૨
ટીંડોળા	૧૧૭	૫૯૦

દુધી	૧૦૪	૧૪૨
કારેલા	૨૪૩	૪૦૦
સરગવો	૫૧૭	૧૦૨૧
તુરીયા	૬૧૪	૧૦૧૨
પરવર	૬૨૪	૮૧૧
કાકડી	૫૦૭	૭૯૧
ગાજર	૩૯૭	૫૮૯
વટાણા	૨૦૨૧	૩૦૪૧
તુવેરસીંગ	૮૧૨	૧૦૨૪
ગલકા	૩૦૫	૫૨૭
બીટ	૩૧૧	૫૦૭
મેથી	૫૯૩	૮૧૨
વાલ	૬૧૫	૯૯૭
ડુંગળી લીલી	૩૧૪	૫૧૨
આદુ	૧૨૨૫	૨૮૨૭
મરચા લીલા	૩૧૫	૬૧૮
હળદર લીલી	૫૨૬	૯૯૭
લસણ લીલું	૨૦૫૮	૩૯૩૩
મકાઇ લીલી	૧૫૮	૩૧૨
ગોંડલ		
કપાસ	૧૧૫૦	૧૮૫૧
ઘઉં લોકવન	૫૮૪	૬૭૦
ઘઉં ટુકડા	૫૫૦	૭૦૧
મગફળી જીણી	૧૦૬૧	૧૭૩૬
સિંગદાણા જાડા	૧૬૭૧	૨૦૪૧
સિંગ ફાડીયા	૧૦૦૧	૨૦૧૧
એરંડા/એરંડી	૧૪૫૧	૧૬૨૬
તલ કાળા	૨૮૫૧	૨૮૫૧
તલ લાલ	૨૦૫૧	૪૦૨૬
જીરૂ	૨૨૯૧	૫૨૭૧
કલંજી	૩૦૦૦	૫૧૬૧
ધાણા	૨૮૦૧	૩૨૦૧
અડદ	૧૦૬૧	૧૯૮૧
તુવેર	૧૦૦૦	૨૦૩૧
રાય	૧૯૩૧	૧૯૩૧
મેથી	૧૦૦૦	૧૫૦૦
કાંગ	૯૬૧	૯૬૧
મગફળી જાડી	૧૦૧૧	૧૬૮૧
મગફળી ૬૬	૧૫૦૦	૧૯૮૬
તલ - તલી	૧૮૦૦	૩૩૮૧
ઇસબગુલ	૧૦૦૦	૧૬૨૧
ધાણી	૨૯૦૧	૩૩૧૧
બાજરો	૪૯૧	૫૪૧
જુવાર	૪૭૬	૧૭૫૧
મકાઇ	૪૦૧	૫૯૧
મગ	૧૦૦૦	૧૭૨૬
વાલ	૧૨૨૬	૧૪૭૬
ચોળા / ચોળી	૯૦૧	૧૮૦૧
રજકાનું બી	૬૪૦૧	૬૪૦૧
ગોગળી	૭૦૦	૧૪૦૦
વટાણા	૪૧૧	૭૧૧
ગોંડલ (શાકભાજી)		
ટમેટા	૧૬૦	૫૦૦
મરચા	૧૦૦	૮૦૦
ગુવાર	૨૦૦	૧૩૦૦
કોબી	૪૦	૧૦૦
દુધી	૪૦	૨૦૦
ફ્લાવર	૨૦	૫૦૦

કાકડી	૨૦૦	૧૦૦૦
રીંગણા	૨૦	૨૦૦
ભીંડો	૧૮૦	૮૦૦
ગલકા	૨૦૦	૬૦૦
ગાજર	૨૦૦	૭૦૦
ટિંડોરા	૨૦૦	૪૦૦
તુવેર	૨૦૦	૧૧૦૦
વાલ	૨૦૦	૧૨૦૦
વટાણા	૨૦૦૦	૨૮૦૦
બટેટા	૧૬૦	૨૮૦
અંબાળા	૨૦૦	૬૦૦
લીલી હળદર	૩૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૧૦	૧૫
તાંજરીયા પુરા	૨	૭
કોથમીર પુરા	૨	૮
મૂળા પુરા	૫	૧૦
કાચા કેળા	૧૬૦	૨૫૦
ચુરણ	૨૦૦	૮૦૦
પરવર	૬૦૦	૧૦૦૦
ઘીસોડા	૨૦૦	૭૦૦
લીંબુ	૨૦૦	૧૪૦૦
મેથી પુરા	૧	૧૦
બીટ પુરા	૭	૧૫
સરગવો પુરા	૧૦	૩૦
ચોરા	૧૮૦	૯૦૦
કારેલા	૨૦૦	૫૦૦
વાલોર	૨૦૦	૮૦૦
કાચા પોપૈયા	૪૦	૨૦૦
આદુ	૧૮૦	૧૪૦૦
લસણ પુરા	૧૦	૨૫
પાલક પુરા	૨	૬
અમરેલી		
શિંગ મઠડી	૧૨૨૦	૧૫૩૫
શિંગ ગીરનાર	૧૧૩૫	૧૫૮૫
શિંગ મોટી	૧૧૦૦	૧૬૬૫
શિંગદાણા ફાડા	૧૫૦૦	૧૮૭૦
તલ સફેદ	૨૫૦૦	૩૯૦૦
તલ કાળા	૨૪૦૦	૪૧૫૫
તલ કાશમીરી	૨૯૮૦	૩૦૪૦
બાજરો	૪૮૦	૬૭૫
જુવાર	૫૨૦	૧૮૦૦
ઘઉં ટુકડા	૫૮૫	૭૧૫
ઘઉં લોકવન	૫૮૦	૬૪૫
મકાઈ	૭૧૦	૭૧૦
અડદ	૯૦૦	૧૭૬૦
ચણા	૧૦૨૦	૧૪૬૦
સફેદ ચણા	૧૦૦૦	૧૪૪૦
છોલે ચણા	૧૩૦૦	૧૬૬૦
તુવેર	૧૩૦૦	૧૯૯૦
કપાસ	૧૧૦૦	૧૮૭૫
જીરૂ	૨૮૩૦	૪૯૩૦
ધાણી	૨૨૦૦	૩૨૫૦
મેથી	૧૨૫૦	૧૪૫૫
સોયાબીન	૧૦૦૦	૧૪૦૦
વરીયાળી	૧૬૦૦	૧૬૦૦
કાંગ	૯૮૫	૯૮૫
કલોજી	૧૪૦૦	૪૧૫૫
અમરેલી (શાકભાજી)		

બટેટા	૧૮૦	૨૮૦
રીંગણા	૧૪૦	૩૦૦
ફ્લાવર	૨૧૦	૩૨૦
કોબીજ	૧૧૦	૧૬૦
શકકરીયા	૪૫૦	૫૫૦
ટમેટાં	૩૦૦	૪૫૦
સુરણ	૯૩૦	૧૦૨૦
ગાજર	૪૮૦	૫૯૦
દુધી	૧૫૦	૨૦૦
કારેલા	૪૦૦	૪૫૦
ગલકા	૫૦૦	૬૦૦
મૂળા	૨૧૦	૨૯૦
કાકડી	૪૦૦	૭૦૦
ગુવાર	૫૦૦	૯૦૦
વાલોળ	૫૫૦	૬૫૦
વટાણા	૨૮૫૦	૨૯૫૦
ચોળા લીલા	૬૨૦	૭૩૦
તુરીયા	૬૩૦	૭૪૦
વાલ	૯૩૦	૧૦૩૦
લીલી તુવેર	૧૦૩૦	૧૨૨૦
ભીંડો	૫૦૦	૬૦૦
આદુ	૧૨૦૦	૧૩૦૦
કોથમીર	૬૦૦	૧૮૦૦
મેથીભાજી	૪૦૦	૫૦૦
ફોદીનો	૮૦૦	૯૦૦
ટીંડોરા	૪૫૦	૫૫૦
બીટ	૫૫૦	૬૫૦
મકાઈ	૨૧૦	૨૯૦
સરગવો	૧૦૦૦	૧૪૦૦
લીમડો મીઠો	૧૬૦	૨૦૦
મરચાં લીલાં	૫૦૦	૮૦૦
મરચાં લાલ	૪૧૦	૮૧૦
ડુંગળી લીલી	૩૫૦	૪૪૦
ડુંગળી સુકી	૪૦૦	૧૦૦૦
લસણ લીલું	૨૦૦૦	૨૫૦૦
લસણ સુકું	૧૭૦૦	૨૧૦૦
પાલક	૬૦૦	૬૫૦
લીંબુ	૧૦૫૦	૧૮૩૦
ચભડા	૪૫૦	૭૮૦
સાવરકુંડલા		
તલ સફેદ	૨૯૦૦	૩૫૦૦
તલ કાળા	૩૩૫૦	૪૧૨૦
જીરૂ	૪૪૦૦	૫૦૦૦
કપાસ	૧૮૩૦	૧૮૮૦
ઘઉં લોકવન	૫૪૦	૫૯૦
ઘઉં ટુકડા	૫૮૦	૬૬૧
બાજરો	૪૦૦	૬૯૧
જુવાર	૮૫૦	૧૫૦૫
મગ	૧૨૦૦	૧૫૧૧
અડદ	૧૫૦૦	૨૦૦૨
ચણા	૧૧૫૦	૧૫૦૦
તુવેર	૧૩૫૦	૧૮૬૦
સોયાબીન	૧૨૫૦	૧૩૭૫
ધારી		
કપાસ	૧૫૪૫	૧૮૬૨
મગફળી	૧૧૫૫	૧૫૨૬
ઘઉં	૫૭૫	૬૮૫
ચણા	૧૧૦૦	૧૪૧૧

અડદ	૧૨૦૦	૧૭૨૫
ધાણા	૨૫૦૦	૨૯૦૦
કલોંજી	૩૫૦૦	૩૫૦૦
સોયાબીન	૧૧૦૦	૧૩૫૧
એરંડા	૧૧૦૦	૧૪૦૦
તુવેર	૧૬૭૦	૧૬૭૦
તલ	૨૭૦૦	૨૮૦૦
શીંગદાણા	૧૫૦૦	૧૭૨૫
બગસરા		
કપાસ	૧૬૦૦	૧૮૮૯
ઘઉ લોકવન	૫૩૦	૬૨૧
ઘઉ ટુકડા	૫૩૧	૬૧૫
મગફળી	૧૧૦૦	૧૩૭૧
ચણા	૧૩૦૦	૧૪૨૧
લસણ	૧૦૦૦	૨૧૦૦
રાય	૧૫૦૦	૧૫૦૦
સોયાબીન	૯૦૦	૧૩૫૭
મેથી	૧૨૦૦	૧૨૦૦
અડદ	૧૭૯૫	૧૭૯૫
તલ સફેદ	૨૭૦૦	૩૫૦૫
શીંગદાણા	૧૫૦૦	૧૫૦૦
ચણા સફેદ	૧૦૯૫	૧૩૧૫
ધાણા	૨૫૦૦	૩૦૦૦
તુવેર	૧૫૭૫	૧૬૩૯
ચણા છોલે	૧૩૦૦	૧૫૪૮
જુવાર	૮૦૦	૧૩૭૦
બાબરા		
કપાસ	૧૮૧૦	૧૯૦૫
કપાસ મીડીયમ	૧૬૭૦	૧૭૭૦
મગફળી	૧૩૫૦	૧૬૦૦
તલ સફેદ	૨૯૧૦	૩૦૭૦
તલ કાળા	૩૯૪૦	૩૬૪૦
જીરૂ	૪૮૬૦	૫૩૦૦
ચણા	૧૩૭૦	૧૪૨૬
ઘઉ	૫૮૦	૭૦૧
અડદ	૧૭૩૦	૧૮૧૦
મગ	૧૭૮૦	૨૦૧૦
સોયાબીન	૧૩૫૧	૧૩૭૧
મહુવા		
શીંગ ગીરનારી	૧૦૦૦	૧૫૭૧
શીંગ ૬૬	૧૨૦૦	૧૮૨૫
શીંગ ૩૯	૯૦૦	૧૬૭૮
શીંગ જી-૨૦	૧૧૦૦	૧૬૬૭
જુવાર	૬૪૦	૧૮૦૦
બાજરી	૫૦૦	૬૦૫
બાજરો	૯૦૦	૧૫૪૦
ઘઉં ટુકડા	૫૪૬	૭૨૮
અડદ	૧૬૯૦	૨૦૦૧
મગ	૯૪૦	૯૫૫
સોયાબીન	૧૨૦૦	૧૩૭૧
ચણા	૧૩૮૧	૧૪૦૦
તલ સફેદ	૩૦૦૦	૩૨૧૬
તલ કાળા	૨૫૯૦	૩૯૦૦
તુવેર	૬૮૦	૧૬૫૦
ડુંગળી લાલ નવી	૨૫૦	૮૦૮
ડુંગળી લાલ જુની	૩૦૦	૮૦૦
ડુંગળી સફેદ નવી	૧૯૨	૭૦૦
ડુંગળી સફેદ જુની	૨૬૦	૬૭૪

કપાસ શંકર	૧૭૫૦	૧૮૭૫
નાળીયેર	૭૧૦	૩૩૦૦
કોડીનાર		
મગફળી નવી	૧૩૪૦	૧૬૪૩
બાજરી હાઈબ્રીડ	૪૦૦	૫૭૨
ઘઉં	૫૦૦	૫૮૧
જુવાર	૧૨૦૦	૧૮૮૦
અડદ	૧૧૦૦	૧૯૧૨
ચણા	૧૨૦૦	૧૪૨૨
તલ સફેદ	૨૭૦૦	૩૧૮૦
કાળા તલ	૨૩૦૦	૩૮૧૨
સોયાબીન	૧૨૦૦	૧૪૨૨
કપાસ	૧૭૦૧	૧૮૧૦
ખાંભા		
કપાસ	૧૭૬૫	૧૮૫૧
મગફળી	૧૧૬૦	૧૪૦૦
સોયાબીન	૧૩૦૧	૧૩૧૬
તલ કાળા	૩૪૦૦	૩૪૦૦
જુવાર સફેદ	૧૫૦૧	૧૬૦૧
જામનગર		
બાજરી	૫૧૮	૫૩૪
ઘઉં	૫૮૦	૬૬૨
અડદ	૧૧૦૦	૧૯૦૦
ચણા સફેદ	૧૫૦૦	૨૧૯૫
મગફળી જીણી	૧૪૦૦	૧૭૦૦
મગફળી જાડી	૧૩૦૦	૧૬૪૫
મગફળી ૬૬ નં.	૧૫૦૦	૨૩૦૦
મગફળી ૯ નં.	૧૭૦૦	૨૭૧૦
એરંડા	૧૨૫૦	૧૩૯૫
તલી	૨૫૦૦	૩૩૫૫
તલ કાળા	૨૮૦૦	૩૮૦૦
લસણ	૮૦૦	૨૪૦૦
કપાસ	૧૭૫૦	૧૯૧૫
જીરૂ	૩૫૦૦	૫૦૦૦
અજમો	૧૯૦૦	૫૧૧૫
અજમાની ભૂસી	૧૦૫	૩૪૫૦
મરચા	૨૪૮૦	૫૮૦૭
ડુંગળી સુકી	૩૦૦	૯૫૦
સોયાબીન	૧૨૦૦	૧૩૬૨
કલોજી	૧૦૦૦	૫૨૦૦
મેથી	૧૪૦૦	૧૪૯૦
જુવાર	૧૦૦૦	૧૮૦૦
મોટા લીલીયા		
કપાસ	૧૮૩૪	૧૮૭૫
રાજુલા		
શીંગ	૧૧૨૫	૧૬૭૬
તલ સફેદ	૨૬૦૦	૩૩૪૧
તલ કાળા	૩૨૦૦	૩૬૦૦
કપાસ	૧૭૦૦	૧૮૪૫
બાજરો	૫૨૦	૬૩૧
ઘઉં ટુકડા	૫૦૦	૬૭૧
જુવાર	૭૦૦	૧૯૦૧
અડદ	૧૭૦૦	૧૯૫૧
તુવેર	૧૧૦૦	૧૧૦૦
ચણા	૧૪૩૦	૧૪૫૦
સોયાબીન	૧૨૪૧	૧૩૬૨
અજમા	૨૭૦૦	૨૭૦૦

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

ઊર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ નવી દિલ્હીમાં સમિટમાં હાજરી આપી

ભારત રિન્યુએબલ એનર્જી સમિટમાં ગુજરાતની ભાગીદારી

નવી દિલ્હી,તા.૦૪



નવી દિલ્હી ખાતે ભારત મંડપમમાં તા. ૦૨/૧૦/૨૦૨૫ના રોજ આયોજિત ભારત રિન્યુએબલ એનર્જી સમિટ અને એક્સ્પોમાં ગુજરાત રાજ્યના ઊર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ હાજરી આપી હતી. રાજ્ય સરકારના ઊર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ આ સમિટમાં ભાગ લીધો હતો. આ વૈશ્વિક સમિટમાં ગુજરાત રાજ્યએ પાર્ટનર સ્ટેટ તરીકે સહભાગિતા નોંધાવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે આ સમિટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૨૮.૬૦ ગીગાવોટ નવીનીકરણીય ઊર્જા ક્ષમતા સ્થાપિત કરવાની પોતાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.સમિટ દરમિયાન મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય દ્વારા આયોજિત ઉચ્ચસ્તરીય કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. આ બેઠકમાં તેમણે અગ્રણી વૈશ્વિક રોકાણકારો સાથે સંવાદ સાધ્યો હતો અને ગુજરાતની સાનુકૂળ નીતિઓ તેમજ સૌર, પવન, ગ્રીન હાઈડ્રોજન અને ઊર્જા સંગ્રહ ક્ષેત્રે રહેલી રોકાણની વિશાળ તકો પ્રદર્શિત કરી હતી. ઉપરાંત, કૌશિકભાઈ વેકરિયાએ એક્સ્પો ખાતે ગુજરાત સરકારના વિશેષ પ્રદર્શનની સ્ટોલની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતને ભારતના અગ્રણી નવીનીકરણીય ઊર્જા કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

દિવાળી પહેલા અમૂલે આપ્યો મોંઘવારીનો ઝટકોઃ ઘી અને માખણના ભાવમાં વધારો

અમદાવાદ,તા.૦૪

દિવાળીના તહેવારો ટાણે અમૂલે ગ્રાહકોને મોટો આંચકો આપતાં ઘી અને માખણના ભાવમાં વધારો કર્યો છે. નવી કિંમતો અનુસાર, ૧ કિલો ઘીના કાર્ટનના ભાવમાં રૂ. ૫૦નો વધારો થતાં નવી કિંમત રૂ. ૬૮૦ થઈ છે. જ્યારે ૫૦૦ ગ્રામ શુદ્ધ ઘીના પાઉચનો ભાવ રૂ. ૩૨૫થી વધીને રૂ. ૩૪૫ થયો છે.

આ ઉપરાંત, ૫૦૦ ગ્રામ માખણનું પેક રૂ. ૧૫ મોંઘું થઈને રૂ. ૩૨૫ તથા ૧૦૦ ગ્રામનું પેક રૂ. ૬૬એ પહોંચ્યું છે.

નકલી ઘી સામેની કાર્યવાહી બાદ બ્રાન્ડેડ ઘીની વધેલી માંગ અને તહેવારોની સિઝનમાં સપ્લાય પર દબાણ વધવાના કારણે આ ભાવવધારો કરવામાં આવ્યો છે. તહેવાર ટાણે જ ઘી અને માખણ મોંઘા થતાં ગ્રાહકોના બજેટ પર માઠી અસર પડશે.

વ્યારા નજીક ખેતમજૂરો ભરેલો પિકઅપ ટેમ્પો પલટી જતાં ત્રણનાં કરુણ મોત

વ્યારા,તા.૦૪



તાપી જિલ્લાના વ્યારા તાલુકાના કટાસવાણ ગામની સીમમાં ખેતમજૂરો ભરેલો પિકઅપ ટેમ્પો પલટી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બે મહિલા અને એક પુરુષ સહિત ત્રણ શ્રમિકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે પાંચથી વધુ શ્રમિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, આશરે ૧૦ શ્રમિકો ડાંગર કાપવાની મજૂરી માટે પિકઅપ ટેમ્પામાં સવાર થઈ ખેતરે જઈ રહ્યા હતા. દરમિયાન કટાસવાણ ગામની સીમમાં ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટેમ્પો માર્ગ પર પલટી ગયો હતો. અકસ્માત થતાં આસપાસના ગ્રામજનો દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક વ્યારાની યુએનએમ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. રોજીરોટી માટે નીકળેલા શ્રમિકોના મોતથી પરિવારોમાં શોકની લાગણી પ્રસરી હતી.

એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને કારણે એટ્રોસીટી અને મારામારીના કેસમાં ચાર આરોપીનો નિર્દોષ છુટકારો

અમરેલી,તા.૦૪



અમરેલી તા. ૦૪-૦૭-૨૦૨૩ના રોજ વડીયા તાલુકાના મોટા ઉજળા ગામે સાંજના સમયે બનેલા બનાવમાં આરોપી ચિરાગભાઈ વિઠ્ઠલભાઈ ગજેરાએ ફરીયાદીને ફોન કરીને બસ સ્ટેશન બોલાવ્યા હતા. ફરીયાદ મુજબ ત્યાં વસીમભાઈ માનજીભાઈ ખોખર, ફીયાઝભાઈ માનજીભાઈ ખોખર અને માનજીભાઈ હસનભાઈ ખોખર સહિતના આરોપીઓએ ધમકી આપી, માર માર્યો અને જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યા હતા. ફરીયાદીને સારવાર માટે સરકારી દવાખાને દાખલ કરાયા બાદ વડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી. ડીવાયએસપી.એ ઝીણવટભરી તપાસ કરી ભારતીય ફોજદારી ધારાની કલમો તથા એટ્રોસીટી એક્ટ મુજબ ચાર્જશીટ કર્યું હતું.બંને પક્ષકારો વચ્ચે જ્ઞાતિ તથા તાલુકાના આગેવાનોએ ખુબ મહેનત કરવા છતાં સમાધાન થયું ન હતું. આથી આ બનાવ સમગ્ર વિસ્તારમાં ખુબ ચર્ચાસ્પદ બન્યો હતો અને બંને પક્ષે લાંબી કાનુની લડાઈ હતી. કેસ દરમિયાન ફરીયાદી, તેમના સગા સબંધીઓ, સારવાર આપનાર ડોકટર, સમાજ કલ્યાણ અધિકારી તથા પોલીસ અને તપાસ અધિકારીની જુબાની લેવાઈ હતી. આરોપીઓ તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીએ કરેલી ધારદાર દલીલના કારણે કોર્ટે ચારેય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

કોડીનાર-ઉના હાઈવે પર આખલા સાથે બાઈક અથડાતાં યુવકનું મોત, એક ગંભીર

કોડીનાર,તા.૦૪





કોડીનાર-ઉના ફોરટ્રેક હાઈવે પર દેવળી ગામ નજીક રાત્રે અચાનક સાંઢ સાથે બાઈક અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૩૦ વર્ષીય ગોપાલભાઈ મોરીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે સાથી યુવક લલિત વાણવી ગંભીર ઈજાઓને કારણે કોમામાં સરી પડતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. યુવાનના આકસ્મિક મોતથી પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. આ બનાવને પગલે નેશનલ હાઈવે પર રખડતા પશુઓની ગંભીર સમસ્યા સામે લોકોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા મોટો ટોલટેક્સ વસૂલવા છતાં સુરક્ષા અને સુવિધાઓનો તદ્દન અભાવ છે. લોકોએ હાઈવે પરથી તાત્કાલિક રખડતાં ઢોર હટાવવા, રાત્રિ પેટ્રોલિંગ વધારવા અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની વહીવટી તંત્ર પાસે ઉગ્ર માંગ કરી છે.

કોડીનારના વિરાટનગરમાં ચૂંટણીપ્રચાર મુદ્દે બબાલ, ‘આપ’ કાર્યકર સહિત બે જૂથો સામે સામસામી ફરિયાદ

કોડીનાર,તા.૦૪

કોડીનારના વિરાટનગર વિસ્તારમાં આમ આદમી પાર્ટી (AAP)ના ડોર-ટુ-ડોર ચૂંટણી પ્રચાર દરમિયાન બોલાચાલી બાદ મારામારી થતાં પોલીસે સામસામી ફરિયાદ નોંધી છે. AAP કાર્યકર રામભાઈ વાજાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, પ્રચાર કરવા બાબતે વિરોધ કરી આઠ જેટલા શખ્સોએ તેમના પર હુમલો કરી ઢીકાપાટુનો માર માર્યો હતો,

જેથી તેમને સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સામા પક્ષે, કિશોરભાઈ ઉર્ફે બિલ્લો વાજાએ વળતી ફરિયાદ નોંધાવતાં જણાવ્યું કે, પક્ષમાં જોડાવા અને ખેસ પહેરવા બાબતે ના પાડતાં તેમજ સાથે રહેલા અન્ય વ્યક્તિ અંગે બોલાચાલી થતાં રામભાઈ અને તેમના સાથીઓએ તેમની સાથે મારપીટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પોલીસે ગુનો નોંધી વધુ કાયદેસરની તપાસ શરૂ કરી

બંને પક્ષો દ્વારા મારપીટ અને ધમકીના આક્ષેપો સાથે નોંધાવવામાં આવેલી સામસામી ફરિયાદના આધારે કોડીનાર પોલીસે ગુનો નોંધી વધુ કાયદેસરની તપાસ શરૂ કરી છે.

કોડીનાર તાલુકાના મૂળદ્વારકા બીચ પર પ્રથમવાર રાજ્યકક્ષાની શાળાકીય બીચ વોલીબોલ સ્પર્ધા શરૂ

કોડીનાર,તા.૦૪


તસવીર : કુલદીપ પાઠક

ગીર સોમનાથના કોડીનાર સ્થિત મૂળદ્વારકા બીચ ખાતે ગુજરાતમાં સૌપ્રથમવાર ૭૦મી અખિલ ભારતીય શાળાકીય રમતો (SGFI) અંતર્ગત પાંચ દિવસીય રાજ્યકક્ષાની બીચ વોલીબોલ સ્પર્ધાનો ભવ્ય પ્રારંભ થયો છે. જિલ્લા કલેક્ટર જે.એન. વાઘેલા અને પૂર્વ સાંસદ દીનુભાઈ સોલંકી દ્વારા ખુલ્લી મુકાયેલી આ ટુર્નામેન્ટ રમતગમત વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર તથા નવજીવન વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે ૧ થી ૫ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહી છે. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી અંડર-૧૪, ૧૭ અને ૧૯ વયજૂથની કુલ ૭૧ ટીમોના ૭૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ઉદ્ઘાટન પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ, રમતગમત અગ્રણીઓ અને દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગીર સોમનાથના માર્ગ અને ટ્રાફિક સુવિધા માટે સાંસદ માનસિંહ પરમારની નીતિન ગડકરી સાથે મુલાકાત

ઉના, તા.૦૪



નવી દિલ્હી ખાતે રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમારે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી સાથે મુલાકાત કરી ગીર સોમનાથ જિલ્લાના વિકાસલક્ષી કાર્યો અંગે રજૂઆત કરી હતી. ભુવાટીબી, આલિદ્રા, પ્રાંચી અને ખેરા ગામ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સ્ટ્રીટ લાઈટ, રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે હાઈમાસ્ટ લાઈટ તેમજ કાજલી ગામ જંકશન ખાતે સર્વિસ રોડ અને હાઈમાસ્ટ લાઈટની વ્યવસ્થા કરવા માંગ કરી હતી. રજૂઆત અંગે સકારાત્મક ચર્ચા થઈ હતી.

સોમનાથમાં સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે ‘રન ફોર યુનિટી’નું આયોજન

ગીર સોમનાથ,તા.૦૪


તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લામાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી નિમિત્તે સોમનાથ મંદિરના પટાંગણથી શંખ સર્કલ અને ત્યાંથી હમીરજી સર્કલ સુધી ‘રન ફોર યુનિટી’નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યસભાના સાંસદ માનસિંહભાઈ પરમાર, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, નગરપાલિકા પ્રમુખ નરેશભાઈ ગોહેલ અને કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ ફ્લેગ ઓફ આપી દોડને પ્રસ્થાન કરાવ્યું હતું. બે કિલોમીટરની આ દોડમાં અધિકારીઓ, પોલીસ જવાનો, વડીલો, યુવાનો અને બાળકો સહિત ત્રણ હજારથી વધુ નાગરિકો જોડાયા હતા. સૌએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શપથ લઈ ‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’નો સંદેશ આપ્યો હતો.

મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા

ફો.પ.અ.નં. ૧૬૨/૨૦૨૬
મુદત તા.૧૭/૧૨/૨૦૨૬

અરજદાર : બબાભાઈ માધાભાઈ ઝાલા
રહે.પીપળવા, તા.ખાંભા જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પીપળવા ગ્રામ પંચાયત, તા. ખાંભા, જિ. અમરેલી

અરજદારના વિ.વકીલશ્રી : કે.યુ.મોભ

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર ના પુત્રી નયનાબેન બબાભાઈ ઝાલા નો જન્મ તા.૦૧/૦૪/૧૯૮૩ ના રોજ મોજે ગામઃપીપળવા, તા.ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા. ૧૭/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૩.’મી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

તૈયાર કરનાર સહી (બી.કે.ભુવા) આસીસ્ટન્ટ
મુકાબલ કરનાર સહી (કે.પી. રામોલિયા) આસીસ્ટન્ટ
કોર્ટનો સિક્કો
હુકમથી, સહી (પી.કે.હઠીનારાયણ) રજીસ્ટ્રાર

કોડીનારના વેલણ ગામ નજીક ગુજરાતની પ્રથમ સરકારી મરીન કોલેજ બનશે

કોડીનાર તા.૦૪



કોડીનાર તાલુકાના વેલણ ગામ નજીક ગુજરાતની પ્રથમ સરકારી મરીન કોલેજ આકાર લેશે. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી અને અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત કરી જમીનની પ્રાથમિક તપાસ કરી હતી. કોલેજ માટે આશરે ૬૦ એકર સરકારી જમીન ફાળવવાની દરખાસ્ત કરવામાં આવી છે. પ્રોજેક્ટને બે તબક્કામાં સાકાર કરવાનું આયોજન છે.પ્રથમ તબક્કામાં વર્ષ ૨૦૨૭-૨૮થી અસ્થાયી સ્થળે મરીન ક્ષેત્રના સર્ટિફિકેટ કોર્સ શરૂ કરાશે. ત્યારબાદ કાયમી મરીન એન્જિનિયરિંગ કોલેજ અને આધુનિક સુવિધાઓ સાથે કેમ્પસ બનાવાશે. આશરે ચાર વર્ષમાં કેમ્પસ તૈયાર કરવાનું આયોજન છે. આ કોલેજ શરૂ થતાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના યુવાનોને ઉચ્ચ અભ્યાસ અને રોજગારીની નવી તકો મળશે તેમજ ગીર સોમનાથના વિકાસને નવી દિશા મળશે.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના મોજે ગોખરવાળા મોટા ગામના ખાતા નંબર ૪૮૮ જેના (૧) સર્વે નં. ૧૮/૨, હેક્ટર-આરે-ચો.મી. ૦-૮૩-૯૭, તથા (૨) સર્વે નં. ૧૮/૩ હેક્ટર-આરે-ચો.મી. ૧-૪૫-૬૯, ક્ષેત્રફળવાળી ખેતીની જમીનો જેના કુલ હેક્ટર-આરે-ચો.મી. ૨-૨૯-૬૬ ક્ષેત્રફળવાળી જમીન જે બાલાભાઈ દેવાતભાઈ ચૌહાણ, રહે.સાવરકુંડલા, હાથસણી રોડ, તા.સાવરકુંડલા, જી.અમરેલી વાળાની માલીકી કબ્જા ભોગવટાની ખેતીની જમીન અમારા અસીલ શ્રી બાબરિયા તલકચંદ ધનજીભાઈ, રહે. અમરેલી, ઠે.બ્લોક નંબર ૩૪, કેરીયા રોડ, જેટકો સામે, શિવ પાર્ક - ૪, તા., જી.અમરેલી વાળા ખરીદ કરવા માંગતા હોય અને જે જમીન હાલ બાલાભાઈ દેવાતભાઈ ચૌહાણ ના નામે રહેલ છે અને તેની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાની રહેલ છે. સદરહું જમીન તેઓ પાસેથી અમારા અસીલે બાનાસુથીની રકમ ચુકવી ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

સદરહું ઉપરોક્ત ખેતીની જમીનની માલીકી બાબતે કે ટાઈટલ સંબંધે કે કોઈપણ પ્રકારના કોઈને હકક, હીત, હીસ્સો, લાગભાગ કે ભરણ-પોષણનો હકક વારસાઈ હકક કે લેણું કરજ કે બોજો કે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દશ) માં લખેલ સરનામે આધાર-પુરાવા સહીત લેખીત જાણ કરવી. મુદત હરોળમાં કોઈના તરફથી વાંધા તકરાર નહિં આવે તો, સદરહું જમીનના વેંચાણ સંબંધે કોઈને વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વેચ્છાએ જતો કરેલ છે, તેમ માની મારા અસીલ સદરહું જમીનનો વેંચાણ દસ્તાવેજ કરાવી જમીનનો કબજો સંભાળી લેશે. ત્યારબાદના વાંધા તકરાર મારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિં. જેની લાગતા વળગતા તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૦૫/૧૧/૨૦૨૬.
મું.અમરેલી.

અસીલની સહી.
.....
(બાબરિયા તલકચંદ ધનજીભાઈ)

સહી,
આર.ટી.સોલંકી
એડવોકેટ, અમરેલી.
Mo. 94272 80476
R. T. SOLANKI
Advocate & Notary
5, Forward Shopping Center,
Civil Hospital Road,
Amreli, Ta. & Dist. Amreli

અગ્નિવીરો અંગે કેન્દ્ર સરકારે કર્યો મોટો નિર્ણય, સેવાકાળ લંબાવી ૭૫% ને વધુ બે વર્ષ તક અપાશે

નવી દિલ્હી,તા.૦૪

મોદી સરકારે અગ્નિપથ યોજનામાં મોટો ફેરફાર કરતા અગ્નિવીરો માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નવા નિર્ણય મુજબ, ૪ વર્ષનો પ્રથમ સેવાકાળ પૂર્ણ કર્યા બાદ ૨૫% અગ્નિવીરોને નિયમિત સૈનિક તરીકે સેનામાં સામેલ કરાશે, જ્યારે બાકીના ૭૫% અગ્નિવીરોને વધુ ૨ વર્ષનો બીજો સેવાકાળ (**Engagement Period**) આપવામાં આવશે. આ સાથે જ



અગ્નિવીરોનો કુલ સેવાકાળ ૪ વર્ષથી વધીને ૬ વર્ષ થશે.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (**CDS**) જનરલ એન. એસ. રાજા સુબ્રમણીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, અગ્નિવીરોની પ્રથમ બેચના ૪ વર્ષના શારીરિક, તકનીકી અને કાર્યક્ષમતાના ઉત્કૃષ્ટ પ્રદર્શનને આધારે આ સમીક્ષા કરાઈ છે. ૬ વર્ષનો સેવાકાળ પૂર્ણ કર્યા બાદ તમામ ઈચ્છુક અગ્નિવીરોને યોગ્યતાના માપદંડો આધારે ભારતીય સશસ્ત્ર દળોમાં નિયમિત સૈનિક બનવાની તક મળશે. આ બીજા સેવાકાળ દરમિયાન અગ્નિવીરોને વધુ મહેનતાણું, ઉન્નત સેવા ભંડોળ અને કૌશલ્ય વિકાસના પ્રમાણપત્રો પણ અપાશે. કેબિનેટના આ આદેશથી તમામ અગ્નિવીરો માટે ભારતીય સેનામાં સ્થાયી જોડાણનો માર્ગ ખુલ્લો થયો છે.

દિવાળી પર્વે ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓ માટે ૪ દિવસના 'મિનિ વેકેશન'ની જાહેરાત કરી

ગાંધીનગર,તા.૦૪

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓ માટે સળંગ ૪ દિવસની રજાની જાહેરાત કરી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર અનુસાર, કર્મચારીઓ પરિવાર સાથે તહેવાર ઉજવી શકે તે માટે આ નિર્ણય લેવાયો છે.



જાહેરનામા મુજબ, ૮ નવેમ્બરે રવિવારે દિવાળી, ૧૦ નવેમ્બરે મંગળવારે બેસતું વર્ષ અને ૧૧ નવેમ્બરે બુધવારે ભાઈબીજની જાહેર રજા છે. આ રજાઓની વચ્ચે આવતા ૯ નવેમ્બર (સોમવાર)ના રોજ 'પડતર દિવસ' તરીકે રજા જાહેર કરવામાં આવી છે, જેથી કર્મચારીઓને સળંગ ૪ દિવસનું મિનિ વેકેશન મળશે.

આ રજાના બદલામાં આગામી ૨૮ નવેમ્બર, ૨૦૨૬ (ચોથા શનિવાર)ના રોજ તમામ સરકારી કચેરીઓ ચાલુ રહેશે અને નિયમિત કામકાજ હાથ ધરાશે.

આ આદેશ રાજ્ય સરકારની તમામ કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન અને પંચાયત કચેરીઓને લાગુ પડશે.

ધારાસભ્ય નિર્મલા સપ્રે કેસ બાબતે સુપ્રીમ કોર્ટનો મધ્યપ્રદેશ વિધાનસભા અધ્યક્ષને બે મહિનામાં નિર્ણય લેવાનો આદેશ

સાગર,તા.૦૪

કોંગ્રેસની ટિકિટ પરથી ચૂંટાયા બાદ ભાજપમાં જોડાયેલા બીનાના ધારાસભ્ય નિર્મલા સપ્રેના સભ્યપદ કેસમાં સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. અદાલતે મધ્યપ્રદેશ વિધાનસભા અધ્યક્ષને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ બે મહિનામાં નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે.



કોંગ્રેસ નેતા ઉમંગ સિંઘરની અરજી પર સુનાવણી કરતા કોર્ટે સ્પષ્ટ કર્યું કે લોકશાહીમાં પક્ષપલટા સંબંધિત મામલાઓને લાંબો સમય પેન્ડિંગ રાખી શકાય નહીં.

દિવાળી પહેલા દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું

નવી દિલ્હી,તા.૦૪

દિવાળીના તહેવાર પહેલા જ દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (**CPCB**)ના આંકડા મુજબ, દિલ્હી અને આસપાસના વિસ્તારો નોઈડા, ગાઝિયાબાદ અને ગુરુગ્રામમાં હવાની ગુણવત્તા (**AQI**) અત્યંત ખરાબથી ગંભીર શ્રેણીમાં



નોંધાઈ છે.

દિલ્હીનો સરેરાશ એઆર ક્વોલિટી ઈન્ડેક્સ (**AQI**) ૩૭૭ પર પહોંચ્યો છે, જ્યારે જહાંગીરપુરી ૪૬૧ના **AQI** સાથે સૌથી વધુ પ્રદૂષિત વિસ્તાર રહ્યો છે. રોહિણી, પંજાબી બાગ અને બાવાના જેવા વિસ્તારોમાં પણ પ્રદૂષણ ૪૦૦થી વધુ નોંધાયું છે. ડીટીયુ વિસ્તારમાં ગણતરીના કલાકોમાં જ ૧૨૭ પોઈન્ટનો વધારો થઈ **AQI** ૪૪૨ પર પહોંચી જતાં લોકો માટે શ્વાસ લેવો મુશ્કેલ બન્યો છે. તહેવારો ટાણે પ્રદૂષણનું સ્તર ઝડપથી વધી રહ્યું હોવાથી સ્થિતિ ગંભીર બની છે.

ભગવાન કૃષ્ણ પરની ટિપ્પણી બદલ ધીરેન્દ્ર શાસ્ત્રી સામે કાર્યવાહી કરવા સપા નેતાઓની માંગ

મેરઠ,તા.૦૪

કથાકાર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી દ્વારા ભગવાન કૃષ્ણ અંગે કરવામાં આવેલી ટિપ્પણી બાદ વિવાદ વકર્યો છે. સમાજવાદી પાર્ટીના નેતાઓએ મેરઠના એસએસપી (**SSP**) નો સંપર્ક કરી ધીરેન્દ્ર શાસ્ત્રી વિરુધ્ધ નિષ્પક્ષ તપાસ અને કાનૂની કાર્યવાહીની માંગ સાથે ફરિયાદ નોંધાવી છે.

સપા નેતાઓ અનુસાર, ભગવાન કૃષ્ણ અને શ્રી રામ કરોડો લોકોની શ્રધ્ધાના પ્રતીક છે અને તેમની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો કોઈને અધિકાર નથી. સોશિયલ મીડિયા પર સપા પ્રમુખ અખિલેશ યાદવે પણ આ મુદ્દે કડક વિરોધ નોંધાવ્યો છે. વિવાદ વધતાં ધીરેન્દ્ર શાસ્ત્રી સ્પષ્ટતા કરતાં માફી માંગી હતી અને જણાવ્યું હતું કે તેમનો હેતુ કોઈ દેવતાનું અપમાન કરવાનો નહોતો, પરંતુ ભક્તિ પરંપરાના સંદર્ભમાં વાત કરી હતી.

'જો પંજાબ જીતીશું તો ભારત જીતીશું' સંગરુરમાં રાહુલ ગાંધીની હાજરીમાં મલ્લિકાર્જુન ખડગેની ગર્જના

ચંદીગઢ,તા.૦૪

કોંગ્રેસે પંજાબના સંગરુરમાં યોજાયેલી 'ઈન્સાફ રેલી'થી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા છે. આ રેલીમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



મલ્લિકાર્જુન ખડગેએ વિરોધી પક્ષો પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ નેતાઓની એકતા જ વિજયની ચાવી છે. જો કોંગ્રેસ પંજાબમાં જીત મેળવશે તો સમગ્ર ભારતમાં જીત નિશ્ચિત બનશે.

આમ આદમી પાર્ટી (**AAP**) સરકાર પર નિશાન સાધતા તેમણે આરોપ લગાવ્યો કે, 'આપ' સરકારે ખેડૂતો અને યુવાનોને બરબાદ કર્યા છે તેમજ તે ભ્રષ્ટાચારથી ઘેરાયેલી છે. તેમણે 'આપ'ને ભાજપની 'બી-ટીમ' ગણાવી હતી. આ ઉપરાંત, તેમણે પંજાબના ખેડૂતો અને જવાનોના દેશ પ્રત્યેના સમર્પણની પણ સરાહના કરી હતી.

ચૂંટણીમાં મોદીને પડકારવામાં નિષ્ફળ કોંગ્રેસ અરાજકતા ફેલાવી રહી છે: રામ માધવ

જમ્મુ,તા.૦૪

ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રામ માધવે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, લોકશાહી ચૂંટણીઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પડકારવામાં અસમર્થ રહેલી કોંગ્રેસ સત્તા મેળવવા માટે દેશમાં અરાજકતાનું વાતાવરણ ઊભું કરી રહી છે.



જમ્મુમાં ભાજપ મુખ્યાલય ખાતે પત્રકારો સાથે વાતચીતમાં તેમણે આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધી અને કોંગ્રેસ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ (**SIR**) અંગે ગેરમાહિતી ફેલાવી રહ્યા છે. તેમનો ઉદ્દેશ્ય બંધારણીય સંસ્થાઓ પ્રત્યે અવિશ્વાસ પેદા કરી અસ્થિરતા સર્જવાનો છે.

બાંગ્લાદેશ અને નેપાળના રાજકીય ઘટનાક્રમનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે કોંગ્રેસ દેશમાં પણ એવા મોડેલ દ્વારા શાસન પરિવર્તન ઈચ્છે છે. મતદાર યાદી અંગે સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું કે, સુધારણા પ્રક્રિયા હેઠળ ફોર્મ ૬ અને ૮ દ્વારા ફરી નોંધણી શક્ય છે અને છેલ્લા ૧૦ વર્ષમાં ૨.૫ કરોડ નવા મતદારો ઉમેરાયા છે.

INS બ્રહ્મપુત્ર પલટી જવાના કેસમાં ભારતીય નૌકાદળના બે અધિકારીઓ સામે કોર્ટ માર્શલની પ્રક્રિયા શરૂ કરી

મુંબઈ,તા.૦૪

મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે યુધ્ધ જહાજ 'INS બ્રહ્મપુત્ર' પલટી જવાની ઘટનાના આશરે બે વર્ષ બાદ ભારતીય નૌકાદળે બે અધિકારીઓ સામે કોર્ટ માર્શલ કાર્યવાહી શરૂ કરી છે. આ મામલે જહાજના કમાન્ડિંગ ઓફિસર (કેપ્ટન) અને ઓફિસર ઓફ ધ ડે (લેફ્ટનન્ટ કમાન્ડર) પર ફરજમાં બેદરકારી દાખવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.



૨૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ સમારકામ દરમિયાન **INS** બ્રહ્મપુત્રમાં આગ લાગી હતી. આગ ઓલવવા માટે વધુ પડતા પાણીનો ઉપયોગ થતાં જહાજે સંતુલન ગુમાવ્યું હતું અને પલટી ગયું હતું, જેમાં એક નાવિકનું મૃત્યુ થયું હતું.

મહિનાઓની બચાવ કામગીરી બાદ જહાજને સીધું કરી હાલ સમારકામ અને પરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યું છે. આ યુધ્ધ જહાજ વર્ષ ૨૦૨૭ સુધીમાં ફરી દરિયાઈ કામગીરી માટે સજ્જ થવાની સંભાવના છે.

બિહારના મુઝફ્ફરપુરમાં પોલીસે રૂ. ૧ કરોડનો વિદેશી દારૂ ઝડપ્યો

મુઝફ્ફરપુર,તા.૦૪

બિહારના મુઝફ્ફરપુરમાં એક્સાઈઝ વિભાગની ટીમે દરોડો પાડી પંજાબ પાસિંગના એક ટ્રકમાંથી આશરે રૂ. ૧ કરોડની કિંમતનો ૧,૨૦૦ કાર્ટન વિદેશી દારૂ જપ્ત કર્યો છે. પોલીસ અને એક્સાઈઝ વિભાગની નજરથી બચવા માટે તસ્કરોએ ટ્રકમાં ઉપર કાગળ અને કપાસથી ભરેલી બોરીઓ ગોઠવી હતી, જ્યારે નીચે દારૂના કાર્ટન છુપાવ્યા હતા. ગુપ્ત માહિતીના આધારે બેલા ફેઝ-૨ વિસ્તારમાંથી ટ્રક સાથે પંજાબના ડ્રાઇવર મનપ્રીત સિંહની ધરપકડ કરવામાં આવી છે. ડ્રાઇવરની પૂછપરછમાં સામે આવ્યું છે કે તે પંજાબથી આ જથ્થો લાવ્યો હતો અને અહીં સ્થાનિક વેપારીને સોંપવાનો હતો. હાલ એક્સાઈઝ વિભાગે કેસ નોંધી મુખ્ય સૂત્રધાર અને સ્થાનિક દાણચોરોને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

રાહુલ ગાંધીની રેલીમાં ગેરહાજર રહેતા યુથ કોંગ્રેસના ૬૦ નેતાઓને કરાયા સસ્પેન્ડ

ભોપાલ,તા.૦૪

મધ્યપ્રદેશ યુવા કોંગ્રેસમાં આંતરિક વિરોધ સપાટી પર આવ્યો છે. ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં રાહુલ ગાંધીના કાર્યક્રમમાં હાજરી ન આપવા બદલ આશરે ૬૦ યુવા કોંગ્રેસના નેતાઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.



સસ્પેન્ડ કરાયેલા મહામંત્રી રોહિત રાજારિયા સહિતના નેતાઓએ આરોપ લગાવ્યો છે કે કારણદર્શક નોટિસ આપ્યા કે પક્ષ રજૂ કરવાની તક આપ્યા વિના જ આ કડક પગલું ભરાયું છે. કૌટુંબિક શોક અને દુઃખદ પરિસ્થિતિને કારણે ગેરહાજર રહેવા છતાં સોશિયલ મીડિયા દ્વારા સસ્પેન્શનની જાણ કરાતાં કાર્યકર્તાઓમાં ભારે નારાજગી ફેલાઈ છે. સંગઠન માટે વર્ષોથી જેલ જઈ સંઘર્ષ કરનાર નેતાઓએ આ કાર્યવાહીને અન્યાયી ગણાવી રાષ્ટ્રીય હાઈકમાન્ડ સમક્ષ ન્યાયની માંગ સાથે રજૂઆત કરવાની જાહેરાત કરી છે.

ઈન્ડોનેશિયામાં રાષ્ટ્રપતિ સહિત અગ્રણીઓના ફોન ટેપ કરવાના આક્ષેપમાં ત્રણ પોલીસ જનરલની ધરપકડ

જકાર્તા,તા.૦૪

ઈન્ડોનેશિયામાં રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો, સરકારી અધિકારીઓ, નેતાઓ અને પત્રકારોના ફોન ગેરકાયદેસર રીતે ટેપ કરવાના ગંભીર આરોપમાં ત્રણ વરિષ્ઠ પોલીસ જનરલોની અટકાયત કરવામાં આવી છે.



પોલીસના જણાવ્યા મુજબ, અટકાયત કરાયેલા અધિકારીઓમાં લિસ્ટ્યો સિગિટ પ્રબોવો, અહારી સોન્ટા નાસુશન અને એકો હાદી સાન્ટુસોનો સમાવેશ થાય છે. આ અધિકારીઓ પર પરવાનગી વિના સંદેશાવ્યવહાર અટકાવવા, સિસ્ટમમાં અનધિકૃત પ્રવેશ કરવા અને ડિજિટલ ડેટા ભૂંસી નાખવાનો આરોપ છે. ૨૦૨૫ અને ૨૦૨૬ દરમિયાન કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના ઘણા મહત્વપૂર્ણ ફોન નંબરો પર નજર રાખવામાં આવી હતી.

તપાસકર્તાઓએ ૧૧ મોબાઈલ ફોન અને પેન ડ્રાઈવ સહિતના પુરાવા જપ્ત કર્યા છે. આરોપીઓ સામે નવા ક્રિમિનલ કોડ અને ઈલેક્ટ્રોનિક માહિતી અધિનિયમ હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરાઈ છે, જેમાં ૧૦ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે

ભારતે પ્રથમ વન-ડેમાં ન્યૂઝીલેન્ડને પાંચ વિકેટે હરાવ્યું, સિરીઝમાં ૧-૦થી સરસાઈ

ઓકલેન્ડ,તા.૦૪,

ભારતીય ક્રિકેટ ટીમે પ્રથમ વન-ડેમાં ન્યૂઝીલેન્ડને ૫ વિકેટે હરાવી પાંચ મેચની સિરીઝમાં ૧-૦થી સરસાઈ મેળવી છે. ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે રમાયેલી મેચમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.



ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કરતાં ન્યૂઝીલેન્ડની ટીમને ૪૦.૨ ઓવરમાં ૧૮૫ રનમાં ઓલઆઉટ કરી દીધી હતી. અર્શદીપ સિંહે ૪ વિકેટ ઝડપી હતી, જ્યારે ગુરનૂર બરારે ૩ વિકેટ મેળવી હતી. વરસાદના વિઘ્નને કારણે ભારતને ૩૨ ઓવરમાં ૧૪૩ રનનો સુધારેલો લક્ષ્યાંક મળ્યો હતો. ભારતીય ટીમે ૨૨.૪ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. વિરાટ કોહલીએ માત્ર ૫૧ બોલમાં ૭૪ રનની આક્રમક ઈનિંગ રમી હતી, જેમાં ૧૩ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. કેપ્ટન શુભમન ગિલે પણ ૫૬ બોલમાં ૩૭ રનનું યોગદાન આપ્યું હતું. આ જીત સાથે ભારતીય ટીમે સિરીઝમાં વિજયી શરૂઆત કરી છે.

લાઠીના પ્રતાપગઢ ગામનો અને હાલ સુરત રહેતો રત્નકલાકાર ૩ મહિનાથી રશિયામાં ગુમ

અમરેલી,તા.૦૪

લાઠી તાલુકાના પ્રતાપગઢ ગામના અને હાલ સુરતમાં રહીને રત્નકલાકાર તરીકે કામ કરતાં રમણીક સાખવાળા (ઉ.વ.૩૯) કામકાજમાં અનિશ્ચિતતાને કારણે સારી નોકરીની શોધમાં રશિયા ગયા હતા. પરંતુ હવે તેમની નોકરીની શોધ તેમના પરિવાર માટે એક ચિંતાજનક શોધ બની ગઈ છે. છેલ્લા ત્રણ મહિનાથી તેમનો પરિવાર સાથે કોઈ સંપર્ક થયો નથી.ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ પ્રમાણે,રત્ન કલાકાર રમણીક સાખવાળા જૂન ૨૦૨૫માં એક મિત્ર સાથે રોજગારીની શોધમાં રશિયા ગયા હતા. ત્યાં રહેવાનો ખર્ચ અને વિમાન ભાડું કાઢવા માટે તેમણે છૂટક કામ કરવાનું શરૂ કર્યું. તેમના પત્ની શીતલ ઉર્ફે રીનાએ જણાવ્યું, તેઓ ત્રણ મહિનાના વિઝિટર વિઝા પર ગયા હતા અને રોજીંદા ખર્ચા કાઢવા કામ કરવા લાગ્યા હતા. ત્યાં અનુકૂળ ન આવતા તેમણે શરૂઆતમાં એપ્રિલમાં પરત ફરવાનું વિચાર્યું હતું, પરંતુ બાદમાં રોકાણ લંબાવી દીધું. પતિ ગુમ થતાં હવે તેઓ પોતાનું અને ૧૬ વર્ષના પુત્ર હેમિલનું ગુજરાન ચલાવવા માટે સિલાઈકામ કરી રહ્યા છે.રીનાએ વધુમાં કહ્યું, અમારી તેમની સાથે છેલ્લી વાત ૨૪ જૂને થઈ હતી. ત્યારે તેમણે જણાવ્યું હતું કે તેઓ સશસ્ત્ર દળો સાથે કામ કરવા માટે સરહદ પર જઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી તેમનો ફોન બંધ રહેશે અને નેટવર્ક મળતાં જ ફોન કરશે. પરંતુ ત્યાર પછી તેમનો કોઈ ફોન આવ્યો નથી.સાખવાળાએ પરિવારને એમ પણ જણાવ્યું હતું કે સશસ્ત્ર દળોમાં જોડાવાને કારણે તેમને રશિયન પાસપોર્ટ આપવામાં આવ્યો છે. તેમણે પાસપોર્ટના ફોટા પણ પરિવારને મોકલ્યા હતા. પુત્ર હેમિલ, કાકા મહેશ અને દાદા કાળુ સાથે મળીને નવી દિલ્હી અને રશિયાના અધિકારીઓને ઈમેલ તથા ફોન કરીને પિતાની ભાળ મેળવવા પ્રયાસ કરી રહ્યો છે. જોકે, તેમની સ્થિતિ કે લોકેશન અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા મળી શકી નથી.

૩૫ વર્ષથી સુરતમાં સ્થાયી થયો છે પરિવાર

મૂળ અમરેલી જિલ્લાના પ્રતાપગઢ ગામનો આ પરિવાર છેલ્લા ૩૫ વર્ષથી ડાયમંડ સિટી સુરતમાં સ્થાયી થયો છે. સાખવાળાના પિતા કાળુભાઈ ખેડૂત છે, તેમણે જણાવ્યું કે શરૂઆતમાં તેમને પુત્ર ગુમ હોવાની જાણ કરવામાં આવી નહોતી. મારી પત્નીની તબિયત પહેલેથી જ નાજુક રહેતી હોવાથી અને આ સમાચારથી તેમને ભારે આઘાત લાગી શકે તેમ હોવાથી, અમે તેમને પણ આ બાબતે કશું જણાવ્યું નથી.

પરિવારજનોને લાગે છે ડર

પરિવારે રમણીકની શોધખોળ માટે વડાપ્રધાન કાર્યાલયને પત્ર લખીને મદદ માંગી છે તેમજ ભારતમાં આવેલી રશિયન એમ્બેસીનો પણ સંપર્ક કર્યો છે. પરિવાજનોએ જણાવ્યું, રશિયન એમ્બેસી તરફથી કહેવામાં આવ્યું કે તેમની પાસે રમણીકની સ્થિતિ અંગે કોઈ ચોક્કસ માહિતી નથી. પરંતુ લાંબા સમયથી સંપર્ક ન થઈ શકવાને કારણે, કદાચ યુધ્ધમાં તેમનું મૃત્યુ થયું હશે તેવો અમને ડર લાગી રહ્યો છે.

પરિવારે વડાપ્રધાન કાર્યાલય સહિતની કચેરીઓને જાણ કરી છતાં કોઈ ભાળ નહી

દિવાળી પહેલાં રાજ્ય સરકાર દ્વારા સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો

ગાંધીનગર,તા.૦૪



દિવાળીના તહેવાર પહેલાં ગુજરાત રાજ્યના સરકારી કર્મચારીઓ અને પેન્શનધારકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (DA)માં ૩ ટકાનો વધારો કરવાની મંજૂરી આપી હોવાનું જાણવા મળ્યું છે. આ નિર્ણયથી રાજ્ય સરકારના લાખો કર્મચારીઓ અને પેન્શનધારકોને લાભ થવાની શક્યતા છે. આ અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવે તેવી સંભાવના છે.મળતી માહિતી મુજબ, મોંઘવારી ભથ્થામાં કરાયેલા ૩ ટકાના વધારાનો અમલ ૧ જુલાઈ, ૨૦૨૬થી કરવામાં આવશે. જ્યારે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬થી ચાર મહિનાના એરિયર્સની તફાવતની રકમ એક જ હપ્તામાં ચૂકવવામાં આવશે.

બીજી તરફ, દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ૯ નવેમ્બરના પડતર દિવસે જાહેર રજા જાહેર કરી છે. દિવાળીથી ભાઈબીજ સુધી સરકારી કર્મચારીઓને સતત ચાર દિવસની રજા મળશે. જોકે, ૯ નવેમ્બરની રજાના બદલામાં ૨૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સરકારી કચેરીઓમાં રાબેતા મુજબ કામકાજ ચાલુ રહેશે. આ નિર્ણયથી તહેવારો પહેલાં સરકારી કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

દિવાળી-છઠ પૂજા પર અમદાવાદ-રાજગીર વચ્ચે દોડશે અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ,તા.૦૪



તહેવારોની મોસમમાં બિહાર જતાં પ્રવાસીઓની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને રાજગીર વચ્ચે અનરિઝર્વ્ડ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (૦૯૪૪૧/૦૯૪૪૨) ચલાવવાનો નિર્ણય લેવાયો છે.

આ ટ્રેન અમદાવાદથી દર બુધવારે રાત્રે ૨૩:૫૫ કલાકે ઉપડી શુક્રવારે સવારે રાજગીર પહોંચશે, જ્યારે પરત મુસાફરીમાં રાજગીરથી દર શુક્રવારે સવારે ૦૯:૫૫ કલાકે ઉપડશે. આ ટ્રેન આણંદ, છાયાપુરી, કોટા, પટના સહિત વિવિધ મુખ્ય સ્ટેશનો પર રોકાશે. સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ હોવાથી મુસાફરોને દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરીમાં મોટી રાહત મળશે.

એસવીપી હોસ્પિટલમાં કૌભાંડ બદલ રેસિડેન્ટ ડોક્ટરનું પરિણામ અટકાવવા ભલામણ

અમદાવાદ, તા.૦૪



અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં દર્દીઓ માટેના રૂ. ૩૯.૭૮ લાખના સર્જિકલ સાધનો ખાનગી સ્ટોરમાં વેચી દેવાના આક્ષેપ મામલે તપાસ રિપોર્ટ સોંપાયો છે.

એમડી ઓર્થોપેડિકના ડો. નિખિલ ભુવા પર જુનિયર તબીબોના યુઝર આઈડી વાપરી ગેરરીતિ કરવાનો આરોપ હોવાથી તેમનું પરિણામ રોકવા ગુજરાત યુનિવર્સિટીને પત્ર લખાયો છે. રિપોર્ટ આધારે અન્ય સંડોવાયેલાઓ સામે પણ કડક કાર્યવાહી કરાશે.

રાજ્યમાં આરોગ્ય વિભાગની મેગા ડ્રાઈવ: ૧૫ દિવસમાં ૩૮ બોગસ ડોક્ટરો ઝડપાયા

૩૫ બોગસ ડોક્ટરો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી

ગાંધીનગર,તા.૦૪



ગુજરાતમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બોગસ અને ડિગ્રી વગરના તબીબો સામે આરોગ્ય વિભાગે કડક કાર્યવાહી હાથ ધરી છે. રાજ્યભરમાં છેલ્લા ૧૫ દિવસથી ચલાવાયેલી ખાસ મેગા ડ્રાઈવ દરમિયાન ૩૮ શંકાસ્પદ બોગસ ડોક્ટરો ઝડપાયા છે, જેમાંથી ૩૫ સામે એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના જણાવ્યા મુજબ, આ કાર્યવાહી માટે ૨૯૮ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી અને આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમોએ તપાસ હાથ ધરી હતી. જેમાં સૌથી વધુ રાજકોટમાં ૧૭, સુરતમાં ૯, ગીર સોમનાથમાં ૩ અને સુરેન્દ્રનગરમાં ૨ બોગસ ડોક્ટરો સામે કાર્યવાહી કરાઈ છે.

આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે દરોડાની ડરથી ક્લિનિક બંધ કરી ભાગી ગયેલા તબીબો સામે પણ તપાસ ચાલુ રહેશે અને દિવાળી પછી પણ બોગસ ડોક્ટરો વિરુધ્ધની ઝુંબેશ વધુ સક્રિય રીતે ચાલુ રખાશે.





